વર્ષ 01, અંક 17

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

1થી 15 માર્ચ, 2021

નિઃશુલ્ક




# પૂર્વોદય

## નવા ભારત માટેનો નવો મંત્ર


**પૂર્વ અને પશ્ચિમના રાજ્યો વચ્ચે સમાનતા લાવવા કેન્દ્ર સરકાર મક્કમ છે ત્યારે પૂર્વ ભારતના રાજ્યો પણ વૃદ્ધિ અને વિકાસના માર્ગે દોડી રહ્યા છે.**

# વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ




## નવા ભારતમાં ગ્રાહક વિશ્વાસ સર્વોચ્ચ શિખરે

- 'કોન્ફરન્સ બોર્ડ ગ્લોબલ કોન્ફિડન્સ' સર્વે પ્રમાણે ભારતમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી ગ્રાહકોનો વિશ્વાસ સર્વોચ્ચ શિખરે છે.
- કોરોના વાયરસ મહામારીમાં પણ સરકારે જુલાઇ 2020માં ગ્રાહક સુરક્ષા ધારો, 2019 નોટિફાય કર્યો હતો, જેણે 1986નાં ગ્રાહક સુરક્ષા ધારાનું સ્થાન લીધું હતું. આ ધારામાં સૌ પ્રથમ વાર ઇ-કોમર્સ કંપનીઓની ફરજો અને જવાબદારીઓ નક્કી કરવામાં આવી છે.
- ગ્રાહક અધિકારોનો ભંગ, ગેરવાજબી વેપાર પ્રણાલિ અથવા ગેરમાર્ગે દોરતી જાહેરાતો પર નિયંત્રણ લાવવા જુલાઇ 2020માં સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA) ની રચના કરવામાં આવી હતી.
- ફેસ માસ્ક અને હેન્ડ સેનિટાઇઝર્સને જૂન 2020 સુધી આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ આવશ્યક ચીજો તરીકે સમાવવામાં આવી હતી, જેથી મહામારીના સમયમાં તેની સંગ્રહખોરી અને તંગ પુરવઠો અટકાવી શકાય.
- ફરિયાદ કરવા માટે ડાયલ કરો નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઇનઃ 1800-11-4000 અથવા 14404 અથવા લોગ ઇન કરો https://consumerhelpline.gov



"વિશ્વ ગ્રાહક અધિકાર દિનની શુભેચ્છા. અર્થતંત્રમાં ગ્રાહકની ભૂમિકા મહત્વની છે. સરકાર માત્ર ગ્રાહકની સુરક્ષા પર જ નહીં, તેની સમૃધ્ધિ પર પણ ફોકસ કરે છે.

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર
વર્ષ 01, અંક 17, 1થી 15 માર્ચ 2021

સંપાદક
જયદીપ ભટનાગર
મુખ્ય મહાનિદેશક,
પીઆઇબી, નવી દિલ્હી

પરામર્શ સંપાદક
સંતોષકુમાર
વિનોદકુમાર

સહાયક પરામર્શ સંપાદક
વિભોર શર્મા

પ્રકાશક અને મુદ્રક
સત્યેન્દ્ર પ્રકાશ,
મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન)

મુદ્રણઃ
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-2,
નવી દિલ્હી-110020

સંપર્કઃ
બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન,
બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in

ડિઝાઈનર
રવિન્દ્ર કુમાર શર્મા

RNI No.
DELGUJ/2020/78810

## અંદરના પાનાં પર...

## ધબકતા 'નવા ભારત' માટે પૂર્વનો વિકાસ



કવર સ્ટોરી | આઝાદી પછી થયેલા વિકાસમાં દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં પાછળ રહી ગયેલાં પૂર્વના રાજ્યો કેન્દ્ર સરકારના એજન્ડામાં | પેજ 14-23

ફ્લેગશીપ યોજના...
**બિનસંગઠીત ક્ષેત્રના કર્મચારીઓ માટે પેન્શનની ગેરન્ટી**
પેજ 10-11

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ
**વિપરિત સ્થિતિઓનો સામનો કરીને ઈતિહાસ રચનારી સન્નારી**



એવી વિશેષ મહિલાઓની કહાની જેમણે તમામ અવરોધોનો સામનો કરીને સફળતા મેળવી
પેજ 6-8

**સમાચાર-સાર**
દેશના મુખ્ય સમાચાર | પેજ 4-5

**તામિલનાડુને છ વર્ષમાં રૂ. 50,000 કરોડની ભેટ**
તામિલનાડુ અને કેરળમાં અનેક પ્રોજેક્ટ્સ | પેજ 9

**કાયદાઓ સમાજના કલ્યાણ માટે લાવવામાં આવે છે**
લોકસભા અને રાજ્યસભામાં અનેક મુદ્દા પર બોલ્યા પીએમ | પેજ 12-13

**ભુપેન હઝારિકાઃ બ્રહ્મપુત્રાની બહુમુખી પ્રતિભા**
આસામની સંસ્કૃતિની મહેક ફેલાવી | પેજ 24

**અમે ભારતની એક ઇંચ જમીન કોઇને નહીં લેવા દઇએ**
લડાખ વિવાદ પર સંસદમાં સંરક્ષણ મંત્રીનું નિવેદન | પેજ 25

**એરો ઈન્ડિયાએ ભારતની મજબૂત સંરક્ષણ ક્ષમતા દર્શાવી**
એરો ઈન્ડિયામાં 83 તેજસનો સોદો | પેજ 26-27

**વન્યજીવનનું રક્ષણ, ભારતની સલામતી**
વન્યજીવન સંરક્ષણ માટે ભારત સતત આગળ વધી રહ્યું છે | પેજ 28-30

**વેક્સિન મૈત્રી..વિશ્વને ભારતની ભેટ**
કોરોના સામે લડાઇમાં અગ્રેસર | પેજ 31

**સ્વસ્થ ભારત તરફ વધતા ડગ**
સામાન્ય બજેટમાં પ્રથમ વાર આરોગ્ય ક્ષેત્ર પર ફોકસ | પેજ 32-33

**ભારત તેના સાચા સપૂતોની કદર કરી રહ્યું છે**
યુપીમાં મહારાજા સુહેલદેવ સ્મૃતિ સમારોહ યોજાયો | પેજ 34-35

**અરૂણાચલમાં હસ્તલિખિત મોનપા કાગળ**
1000 વર્ષ જૂનો કલા વારસો પુર્નજીવિત થયો | પેજ 40



**આપત્તિના સમયમાં NDMAએ પ્રશંસનીય કાર્ય કર્યા**
ભારતમાં આપત્તિ વ્યવસ્થાપનના પ્રારંભની કહાની, જેણે માત્ર દેશમાં જ નહીં પણ વિશ્વના બીજા દેશોમાં પણ પોતાનું સામર્થ્ય બતાવ્યું | પેજ 36-39

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર,

ન્યૂ ઈન્ડિયા સમાચારને વાચકો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. સરકારમાં લોકોનો વધતો જતો વિશ્વાસ તેને વધુ વિકાસલક્ષી પહેલ કરવા નવી ઊર્જા આપી રહી છે. વિકાસપથ પર દેશને આગળ લઈ જઈ રહેલા આ કાર્યો અંગે તમને માહિતગાર કરતા રહેવા એ અમારો પ્રયાસ છે. 2014માં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોંચ કરેલી 'એક્ટ ઈસ્ટ' પોલિસીમાં ઈશાન ભારતના રાજ્યો પર ફોકસ રહ્યું છે. આ પોલિસી અંતર્ગત લોકોનું જીવન સરળ બનાવવા પૂર્વોત્તરના આઠ રાજ્યોને હાઈવેઝ, આઇ-વેઝ અને એરવેઝથી જોડવામાં આવી રહ્યા છે.

ન્યૂ ઈન્ડિયા સમાચારના આ અંકમાં પૂર્વ ભારતના રાજ્યો પર ફોકસ કરવામાં આવ્યું છે, જે એક સમયે દેશનાં વેપાર કેન્દ્રો હતાં. સરકાર પૂર્વ ભારતને હવે વિકાસનું ચાલક બળ બનાવવા માગે છે. આ યોજનામાં પશ્ચિમ બંગાળ અને સમગ્ર પૂર્વોત્તર પ્રદેશ મહત્વની ભૂમિકા ભજવશે.

8 માર્ચે આપણે આંતરરાષ્ટ્રીય મહિલા દિન મનાવી રહ્યા છીએ ત્યારે આ અંકમાં સિધ્ધહસ્ત મહિલાઓ અંગેના અહેવાલો પણ આપવામાં આવ્યા છે. વન્યજીવન સંરક્ષણ માટે સરકારે હાથ ધરેલી પહેલ, દક્ષિણના રાજ્યોનાં વિકાસલક્ષી ઘટનાક્રમ અને પ્રધાનમંત્રી શ્રમ યોગી માનધન યોજનાની માહિતી પણ આ અંકમાં રજૂ કરીએ છીએ.

આવા જ પ્રેમ અને વિશ્વાસ સાથે તમારા પ્રતિભાવ આપતા રહેજો...

સરનામુઃ બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in

(જયદીપ ભટનાગર)

# પ્રતિભાવ




સર, ન્યૂ ઇન્ડિયા સમાચાર મેળવીને અને વાંચીને આનંદ થયો. ભારત અંગેના વાસ્તવિક સમાચારો પ્રસિધ્ધ કરવા અને દેશના સંપુર્ણ હિતમાં પ્રગતિશીલ સરકારની પ્રવૃત્તિઓની જાણકારી આપવી એ ખરેખર પ્રશંસનીય પહેલ છે. આ પ્રિન્ટ મિડિયમ છે જેના દ્વારા લોકોએ દેશમાં બનતી પ્રવૃત્તિઓ, ઘટનાઓ અને વિકાસકાર્યો અંગે જાણવું જોઇએ. વિદેશી ભારતીયોને પણ આ ઉપલબ્ધ કરાવવું જોઇએ. શાળા, કોલેજના વિદ્યાર્થીઓ, યુવાનો, શિક્ષકો અને પ્રોફેસર માટે પણ દેશનાં નવા પ્રોજેક્ટ્સ અને ઘટનાઓ અંગે જાણવા આ મેગેઝિન ઉપયોગી છે. હું આપને સફળતાની શુભકામના પાઠવું છું અને દેશના તમામ સમાચારો અને ઘટનાક્રમ અંગે વધુ જાણવા માંગું છું.

**જય હિન્દ**
**કૌશિક વ્યાસ**

## ડિજિટલ કેલેન્ડર




**ભારત સરકારનાં ડિજિટલ કેલેન્ડર અને ડાયરીમાં સરકારની વિવિધ યોજનાઓ, કાર્યક્રમો અને પ્રકાશનોની લેટેસ્ટ માહિતીની સાથે સાથે સત્તાવાર રજાઓની યાદી અને મહત્વની તારીખો આપવામાં આવી છે.**

**ગુગલ પ્લે સ્ટોર અને આઇઓએસ પરથી ડાઉનલોડ કરી શકાશે**

**ગુગલ પ્લે સ્ટોર લિંક**
https://play.google.com/store/apps/details?id=in.gov.calendar

**આઇઓએસ લિંક**
https://apps.apple.com/in/app/goi-calendar/id1546365594

**https://goicalendar.gov.in/**

ડીયર સર,

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા ન્યૂ ઇન્ડિયા સમાચારની ઇ-એડિશન શરુ કરવાની પહેલ પ્રશંસનીય છે. આ મેગેઝિન મોકલવા બદલ આભાર. તેમાં તાજેતરની વૈજ્ઞાનિક શોધ, સામાજિક નીતિઓ અને આર્થિક પ્રગતિ અંગે મહત્વની માહિતી અપાતી હોવાથી વિદ્યાર્થીઓ માટે ખૂબ મદદરૂપ છે. યુવા માનસ પર તેની સકારાત્મક અસર પડે તેવી આશા છે. મારી ખૂબ ખૂબ શુભેચ્છા.

**ડો. એસ ટી રાઘવામા,**
**એસોસિએટ પ્રોફેસર. ચલાપાથી ઇન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, આંધ્રપ્રદેશ,**
stvraghavamma@gmail.com

ડીયર સર,

ન્યૂઝ મેગેઝિન પ્રસિધ્ધ કરવાની સાથે સાથે તેમાં માહિતીપ્રદ સામગ્રી આપવા બદલ તમારો આભાર. બાળકનું યોગ્ય ઘડતર કઇ રીતે કરવું તે અંગે અહેવાલ આપવા મારું સૂચન છે.

**આભાર**
**પ્રકાશભૂષણ**
mailme_prakashbhushan@rediffmail.com

ન્યૂ ઇન્ડિયા સમાચારની એડિટોરિયલ ટીમને મારા અભિનંદન. મને પ્રથમ વાર અંક નંબર 15 વાંચવા મળ્યો. કોવિડ-19 સામેની લડાઇ, સાતત્યપૂર્ણ વિકાસ અને ભારતની પ્રતિબધ્ધતા જેવા લેખ ઉત્તમ અને માહિતીપ્રદ હતા. મેગેઝિનનું નામ ન બદલવાની મારી ભારપૂર્વક સલાહ છે. મેગેઝિનની સફળતા માટે મારી શુભેચ્છા.!

**એબીએસવી પ્રસાદા રાવ,**
**સિનિયર સાયન્ટિસ્ટ (નિવૃત્ત), ઇસરો,**
**હૈદરાબાદ, તેલંગાણા**
anupojukk@gmail.com

ન્યૂ ઇન્ડિયા સમાચારનો 1-15 ફેબ્રુઆરીનો અંક વાંચીને રોમાંચની લાગણી થઈ. વિવિધ ક્ષેત્રોને આવરી લેતું કન્ટેન્ટ માહિતીપ્રદ છે. આ મેગેઝિન દૈનિક અખબાર વાંચતા મારા જેવા વાચકને જ નહીં, પણ યુપીએસસી, એનડીએ જેવી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે પણ મદદરૂપ છે. ન્યૂ ઇન્ડિયા સમાચારની સમગ્ર ટીમને મારી શુભેચ્છા.

**-આનંદ કિશોર પાંડે, નવી દિલ્હી**
pandey.anandkishore6@gmail.com

# આગામી વર્ષનો પ્રજાસત્તાક દિન નવા રાજપથ પર ઉજવાશે

2022માં ભારત 75મો સ્વતંત્રતા દિવસ ઉજવશે ત્યારે તે વધુ એક સીમાચિહ્ન હાંસલ કરશે. તેની ઉજવણી પુનઃનિર્માણ પામનારા રાજપથ પર કરવામાં આવશે. 4 ફેબ્રુઆરીનાં રોજ કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી (સ્વતંત્ર હવાલો) હરદીપ પુરીએ સેન્ટ્રલ વિસ્ટા એવન્યુનું ભૂમિ પુજન કર્યું. આ પ્રસંગે તેમણે જણાવ્યું, "આ પ્રોજેક્ટ પરનું કામ નિયત સમયમર્યાદા પ્રમાણે થઈ રહ્યું છે. સ્વતંત્રતાના 75મા વર્ષે આપણે બ્રિટિશરોએ બનાવેલી બિલ્ડીંગમાંથી નીકળીને નવી સંસદમાં ઉજવણી કરીશું. આ ઉપરાંત 73મા પ્રજાસત્તાક દિનની પરેડ પણ નવા રાજપથ પર થશે." આ પ્રોજેક્ટ હેઠળ રાજપથની આસપાસની હરિયાળી વધારવામાં આવશે અને શૌચાલય, પીવાનું પાણી, પાર્કિંગ જેવી જાહેર સુવિધાઓ પણ ઊભી કરવામાં આવશે.



## કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ દળોના કર્મચારીઓ, આશ્રિતો માટે આયુષ્યમાન 'CAPF'




રૂ. પાંચ લાખ સુધીની સારવાર મફતમાં પૂરી પાડતી વિશ્વની સૌથી મોટી હેલ્થકેર સ્કીમ આયુષ્યમાન ભારતનો લાભ હવે કેન્દ્રીય સશસ્ત્ર પોલિસ દળો (CAPF)ના કર્મચારીઓ અને તેમના આશ્રિતોને પણ મળશે. 1 મે સુધીમાં આયુષ્યમાન 'CAPF'નો સંપૂર્ણ અમલ કરવામાં આવશે. 23 જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતિએ ભારતે પરાક્રમ દિવસ ઉજવ્યો હતો, જેના સંદર્ભમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આસામના ગુવાહાટીમાં એક કાર્યક્રમ દરમિયાન આ સ્કીમ લોંચ કરી હતી. તેમણે જણાવ્યું કે, આ સ્કીમ શરૂ કરવા આનાથી વધુ સારો દિવસ કોઈ ન હોઈ શકે. આ સ્કીમમાં CAPFના તમામ કર્મચારીઓ અને તેમના પરિવારજનો એક કાર્ડ સ્વાઈપ કરીને દેશની 24,000 હોસ્પિટલોમાં મફત સારવાર મેળવી શકશે.

## પાંચ મહિનાના બાળક માટે આયાતી દવા પર રૂ. 6 કરોડની ડ્યુટી, જીએસટી માફ કરાઈ

પાંચ મહિનાની બાળકી તીરા કામત જીનેટિક રોગથી પિડાતી હતી, જેની સારવાર માટે આયાત કરવામાં આવતી દવા પર સરકારે રૂ. 6 કરોડની ડ્યુટી અને જીએસટી માફ કરીને સંવેદનશીલતા દર્શાવી હતી. તીરા સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી ટાઈપ વનથી પિડાતી હતી. આ રોગમાં જ્ઞાન તંતુઓ સંપૂર્ણ કામ ન કરતા હોવાથી સ્નાયુનું હલનચલન થઈ શકતું નથી. તેની સારવારમાં વપરાતી Zolgensma નામની દવા અમેરિકાથી આયાત થાય છે અને તેની કિંમત રૂ. 16 કરોડ છે. પરિવાર ક્રાઉડ ફન્ડિંગ દ્વારા પૈસા એકત્ર કરતું હતું અને સરકારને આ દવા પરની ઈમ્પોર્ટ ડ્યુટી તથા જીએસટી ઘટાડવા વારંવાર વિનંતી કરતું હતું. સરકારે 9 ફેબ્રુઆરીએ તમામ વેરા માફ કરીને પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.



# યુવા લેખકો માટે નેશનલ સ્કીમ લોંચ કરાઈ

ભારત 2022માં આઝાદીની 75મી જયંતિ મનાવવા જઈ રહ્યું છે ત્યારે સરકાર યુવા લેખકોને માર્ગદર્શન આપવા નેશનલ સ્કીમ લોંચ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી 31 જાન્યુઆરીએ તેમનાં મન કી બાત પ્રોગ્રામમાં આ અંગે બોલ્યા હતા. આ સ્કીમથી વિવિધ વિષયો પર લખી શકતા યુવાનોને પોતાની કુશળતા વિકસાવવામાં મદદ મળશે એટલું જ નહીં, તેમને પોતાની માતૃભાષામાં લખવા માટે સજ્જ કરશે. આ સ્કીમનો હેતુ 22 ભારતીય ભાષાઓમાં લેખકોનું સંવર્ધન કરવાનો છે. યુવા લેખકોને ફિક્શન, નોન-ફિક્શન, પ્રવાસવર્ણન, સંસ્મરણો, નાટક, કવિતા વગેરે લખવા માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

નેશનલ બુક ટ્રસ્ટ ( NBT) બે તબક્કામાં લેખકોની તાલીમનું આયોજન કરશે. પ્રથમ તબક્કામાં બે સપ્તાહનો ઓનલાઇન પ્રોગ્રામ યોજાશે, જેમાં દરેક લેંગવેજ ગ્રુપ માટે NBTના બે પ્રતિષ્ટીત લેખકો/માર્ગદર્શકો દ્વારા યુવા લેખકોને તાલીમ આપવામાં આવશે. બીજા તબક્કામાં, સાહિત્ય મહોત્સવો, પુસ્તક મેળાઓ, વર્ચ્યુઅલ બુક ફેર, કલ્ચરલ એક્સચેન્જ પ્રોગ્રામ્સ જેવા વિવિધ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોમાં યુવા લેખકોને તેમની કુશળતા વધારવાની તક મળશે. યુવા લેખકો દ્વારા લખાયેલું પુસ્તક કે પુસ્તક શ્રેણીને NBT દ્વારા પ્રકાશિત કરવામાં આવશે. આ માટે અરજી કરોઃ director@nbtindia.gov.in

## ચાર દાયકા બાદ અલપ્પુઝા બાયપાસ જાહેર જનતા માટે ખુલ્લો મૂકાયો



આશરે ચાર દાયકા સુધી રાહ જોયા બાદ 28 જાન્યુઆરીનાં રોજ કેરળમાં 6.8 કિલોમીટર લાંબા ટુ-લેન અલપ્પુઝા બાયપાસનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. રૂ. 348 કરોડના ખર્ચે બનેલો આ રોડ કોમ્માડીને કાલારકોડ સાથે જોડશે. આ બાયપાસથી થિરુવનંતપુરમ અર્નાકુલમ રોડ પર ટ્રાફિક જામની સમસ્યા ઓછી થશે અને વાહનચાલકો માટે અવરજવર સરળ બનશે. આ પ્રોજેક્ટનો પાયો 1980માં નખાયો હતો, પણ કેટલાંક અવરોધોને કારણે બાંધકામમાં વિલંબ થયો હતો. વાહનચાલકો માટે આ બાયપાસ પરથી જવામાં એક ફાયદો એ પણ થશે કે તેમાં અરબી સમુદ્રનો સુંદર નજારો પણ જોવા મળશે. 6.8 કિલોમીટરના પટ્ટામાંથી 3.2 કિલોમીટરનો રૂટ એલિવેટેડ હાઇવેની જેમ બનાવાયો છે. આ રોડ પર ફ્લાયઓવર પણ છે, જે અલપ્પુઝા બીચની સમાંતર છે. લોકોને સમુદ્રનો ખૂબસુરત નજારો જોવાની તક પણ મળશે.

## ભારત 2030 સુધીમાં ત્રીજો સૌથી મોટો ઊર્જા વપરાશકાર બનશે



ભારત 2030 સુધીમાં ત્રીજો સૌથી મોટો ઉર્જા વપરાશકાર બનીને યુરોપિય સંઘનું સ્થાન લેશે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) એ એનર્જી આઉટલુક 2021માં આ અંદાજ વ્યક્ત કર્યો હતો. એજન્સીએ અંદાજ વ્યક્ત કર્યો હતો કે આગામી બે દાયકામાં ઊર્જાની માગમાં થનારી વૃધ્ધિમાં ભારતનો હિસ્સો સૌથી વધુ હશે. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે ભારતમાં સૌર ઊર્જાની તીવ્ર વૃદ્ધિ થશે. ભારતના કુલ વીજ ઉત્પાદનમાં સૌર ઊર્જાનો હિસ્સો ચાર ટકાથી ઓછો છે, જે 2040 સુધીમાં વધીને 18 ટકા થશે. કોવિડ મહામારી પહેલાં એવો અંદાજ હતો કે ભારતમાં 2019થી 2030 દરમિયાન ઊર્જા માગ લગભગ 50 ટકા વધશે પણ હવે આ સમયગાળામાં 35 ટકા માગ વૃધ્ધિનો અંદાજ છે. એજન્સીના કહેવા પ્રમાણે ભારતમાં 2040 સુધીમાં ઊર્જા માગમાં અન્ય કોઇ પણ દેશ કરતા સૌથી મોટો વધારો ભારતમાં થશે. ■

# નારીરત્નોને સન્માનવાનો યત્ન

**મજબૂત અને પ્રતિભાશાળીમહિલાઓની કદર થવી જોઇએ. આંતરરાષ્ટ્રીય મહિલા દિને અમે એવી મહિલાઓને શ્રધ્ધાંજલિ આપીએ છીએ જેમણે તમામ અવરોધોનો સામનો કરીને ઈતિહાસ સર્જ્યો...**



દર વર્ષે 8 માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે મહિલાઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને રાજકીય સિધ્ધિઓને બિરદાવવામાં આવે છે. આ વર્ષના મહિલા દિનનો થીમ છે #ChooseToChallenge. આ થીમ પાછળનો હેતુ લિંગ ભેદ વગરનાં વિશ્વનું સર્જન કરવાનો છે. આ વર્ષની થીમને અનુરૂપ અમે મહિલાઓની સિધ્ધિઓને બિરદાવી રહ્યા છીએ અને એવું ભારપૂર્વક કહેવા માગીએ છીએ કે સમાન તકો આપવામાં આવે તો તેઓ સિધ્ધિ હાંસલ કરી શકે છે.



## કોર્નેલિયા સોરાબજી

કોર્નેલિયા સોરાબજી ભારતનાં પ્રથમ મહિલા વકીલ હતાં. બોમ્બે યુનિવર્સિટીનાં પ્રથમ મહિલા સ્નાતક બન્યા પછી વધુ અભ્યાસ માટે તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટી ગયાં. એ સમયે મહિલાઓને ડિગ્રી ન અપાતી હોવાથી તેઓ ગ્રેજ્યુએટ ન થઈ શક્યાં. 1894માં તેઓ ભારત પાછા આવ્યાં અને લાંબો સંઘર્ષ કર્યો અને પડદામાં રહેતી મહિલાઓને ન્યાય અપાવવા તેમનાં કાનૂની વકીલ બન્યાં. મહિલાઓને ભણવા માટે પ્રોત્સાહન નહોતું આપવામાં આવતું તે સમયે તેઓ લિંગ ભેદ સામે લડ્યાં અને કાયદાની પ્રેક્ટિસ શરૂ કરી.



## આનંદી ગોપાલ જોષી

તેઓ પ્રથમ ભારતીય મહિલા ડોક્ટર હતાં. અંગત દુર્ઘટનાને પગલે તેમણે ડોક્ટર બનવાનું નક્કી કર્યું હતું. પૂરતી મેડિકલ સહાય ન મળવાથી પોતાના 10 દિવસના પુત્રનું અવસાન થતાં તેમણે ડોક્ટર બનવાનો નિર્ધાર કર્યો, જેથી અન્ય મહિલાઓ સાથે આવું ન થાય. ઉચ્ચ અભ્યાસ કરવા તેઓ અમેરિકા ગયાં અને 1886માં એમડીની ડિગ્રી મેળવી. ઉચ્ચ અભ્યાસની વાત તો જવા દો, મહિલાઓ ઘરની બહાર પણ નીકળી શકતી નહોતી તેવા સમયે તેમણે આ સિધ્ધિ હાંસલ કરી અને મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યાં.



## એ લલિથા

યુવા વિધવા અને સિંગલ મધર. બીબાંઢાળ જીંદગીમાંથી બહાર આવીને ભારતનાં પ્રથમ મહિલા ઈલેક્ટ્રિકલ એન્જિનિયર બન્યાં. બાળપણથી તેમને સાયન્સમાં રસ હતો. પતિના મૃત્યુ પછી તેમણે સમાજના વિરોધ છતાં એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવ્યો. 1964માં તેમણે 'ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ઓફ વુમન એન્જિનિયર્સ એન્ડ સાયન્ટિસ્ટ્સ'માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.



## અન્ના ચાંડી

ભારતનાં પ્રથમ મહિલા જજ જેઓ હાઇકોર્ટમાં પણ ભારતનાં પ્રથમ મહિલા જજ બન્યાં. તમામ અવરોધો અને લિંગ ભેદ છતાં તેમણે 1926માં કાયદા શાખામાં પોસ્ટ ગ્રેજ્યુએશન કર્યું. 1937માં તેઓ ત્રાવણકોરમાં મુનસિફ નિયુક્ત થયાં અને એ રીતે તેઓ દેશનાં પ્રથમ મહિલા જજ બન્યાં. 1959માં કેરળ હાઇકોર્ટમાં નિયુક્તિ થતાં તેઓ દેશનાં પ્રથમ હાઇકોર્ટ જજ પણ બન્યાં.



## ડો. મુથુલક્ષ્મી રેડ્ડી

તેઓ ભારતનાં પ્રથમ મહિલા ધારાસભ્ય હતાં. 1926માં તેમની નિયુક્તિ મદ્રાસ વિધાન પરિષદમાં થઈ. 1912માં ભારતમાં ગ્રેજયુએટ થનારાં તેઓ પ્રથમ મેડિકલ સ્ટુડન્ટ હતાં. તેઓ ગવર્મેન્ટ મેટરનિટી એન્ડ ઓપ્થાલ્મિક હોસ્પિટલનાં પ્રથમ મહિલા સર્જન હતાં. તેમનાં પર ડો. એન્ની બેસન્ટ અને મહાત્મા ગાંધીની ઘેરી અસર હતી. મહિલાઓનાં ઉધ્ધાર માટે તેમણે પોતાનું જીવન ખર્ચી નાંખ્યું.



## પ્રિયા જીંગાન

તેઓ કેડેટ 001 છે. સપ્ટેમ્બર 1992માં ભારતીય લશ્કરમાં જોડાઈને તેઓ ભારતનાં પ્રથમ મહિલા કેડેટ બન્યાં. લશ્કરે મહિલાઓ માટે તેનાં દ્વાર ખોલ્યાં ત્યારે પ્રિયા અને અન્ય 24 મહિલાઓ પ્રથમ બેચમાં સામેલ થયાં. કાયદાનો અભ્યાસ કરનાર પ્રિયાની નિયુક્તિ જજ એડવોકેટ જનરલ તરીકે થઈ હતી. તેમણે 10 વર્ષ લશ્કરમાં સેવા આપી અને 2002માં નિવૃત્ત થયાં. 2018માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમનું સન્માન કર્યું હતું.



## સરલા ઠકરાલ

તેઓ ભારતનાં પ્રથમ મહિલા પાયલટ હતાં. 1936માં 21 વર્ષની વયે તેમને પાયલટનું લાઈસન્સ મળ્યું અને સોલો પાયલટ તરીકે જિપ્સી મોથ વિમાન ઉડાડ્યું અને એ પણ સાડી પહેરીને. એ વખતે તેમને ચાર મહિનાનું સંતાન હતું. તેમણે 1000 કલાકનું ફ્લાઇંગ કર્યું. 'એ' લાઈસન્સ મેળવનાર તેઓ દેશનાં પ્રથમ મહિલા હતાં. ઠકરાલ એક હિંમતવાન મહિલા હતાં, જેમણે અનેક મહિલાઓને પોતાનાં પગલે ચાલવા માર્ગ મોકળો કરી આપ્યો.



## અન્ના રાજમ મલ્હોત્રા

તેઓ ભારતનાં પ્રથમ મહિલા આઇએએસ અધિકારી હતાં. 1951માં તેઓ સિવિલ સર્વિસિસમાં જોડાયાં હતા અને પરિક્ષા પાસ કરવા છતાં મહિલા હોવાથી તેમને આઇએએસ તરીકેની પોસ્ટિંગ મેળવવવામાં ખૂબ સંઘર્ષ કરવો પડ્યો. તેમને ફોરેન સર્વિસ અને સેન્ટ્રલ સર્વિસ ઓફર થઈ, પણ તેઓ મક્કમ હતાં અને છેવટે, સબ કલેક્ટર તરીકે તેમની પોસ્ટિંગ થઈ. તેમને પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ■

# નારીશક્તિને નમન...

## #ChooseToChallenge


ક્રિશ્નન નાયર શાંતાકુમારી ચિત્રા


સુમિત્રા મહાજન


નિરુ કુમાર


લાજવંતી


જશવંતીબેન પોપટ


બોમ્બે જયશ્રી


સિંધુતાઇ સપકલ


સુધા સિંહ


મૃદુલા સિંહા (મરણોપરાંત)


નિદુમોલુ સુમથી


ઉષા યાદવ


ભુરી બાઇ


બિરુબાલા રાભ


દુલારી દેવી


છુટની દેવી


ગુરૂ મા કમાલી સોરેન


સંજીદા ખાતુન


લખીમી બરૂઆ


પપ્પામાલ


પી અનિથા


સંગખુમી બૌલછુઆક


શાંતિ દેવી


બિજોયા ચક્રવર્તી


અંશુ જામ્સેનપા


રજની બેક્ટર


મૌમા દાસ


પૂર્ણમાસી જાની


રાધે દેવી


પ્રકાશ કૌર

**આજની નારી હવે અબળા નહીં, સબળા બની છે અને ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ બની છે. તે દરેક ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહી છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિન પ્રસંગે અમે એ 29 સ્વયંસિધ્ધાઓને બિરદાવી રહ્યા છીએ, જેમને આ વર્ષે પદ્મ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં છે. આ વર્ષની થીમ છે #ChooseToChallenge.**

# તામિલનાડુ માટે છેલ્લાં છ વર્ષમાં રૂ. 50,000 કરોડના ઓઇલ-ગેસ પ્રોજેક્ટ મંજૂર

**કેન્દ્રીય બજેટ 2021-22માં દરિયા કિનારાના રાજ્યોના વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. આ દિશામાં કામ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં તામિલનાડુ અને કેરળની મુલાકાત લીધી હતી અને કેટલાંક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું હતું. છેલ્લાં છ વર્ષમાં તામિલનાડુમાં રૂ. 50,000 કરોડનાં ઓઇલ અને ગેસ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.**

તામિલનાડુ અને કેરળમાં પર્યટન, સંસ્કૃતિ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 14 ફેબ્રુઆરીનાં રોજ આ બંને રાજ્યોમાં મહત્વનાં પ્રોજેક્ટ્સનાં ઉદઘાટન અને ખાતમૂહુર્ત કર્યાં હતાં.

## તામિલનાડુ માટે નવા પ્રોજેક્ટ્સ

- ચેન્નાઇ મેટ્રો રેલ ફેઝ વનનું ઉદઘાટન
- રામનાથપુરમથી તુતિકોરિન સુધી 143 કિમી લાંબી નેચરલ ગેસ પાઇપલાઇનનો પ્રારંભ. આ કાર્ય રૂ. 4500 કરોડનાં ખર્ચે બની રહેલા સૌથી મોટા નેચરલ ગેસ પાઇપલાઇન પ્રોજેક્ટનો હિસ્સો છે.
- વોશરમેનપેટથી વિમ્કો નગર મેટ્રો લાઇનનું ઉદઘાટન, આ લાઇન નોર્થ ચેન્નાઇને એરપોર્ટ અને સેન્ટ્રલ રેલવે સ્ટેશન સાથે જોડે છે.
- વિલ્લુપુરમ કડલોર-મયિલાદુથરાઇ-થાંજાવુર અને મયિલાદુથરાઇ-થાંજાવુરના સિંગલ લાઇન સેક્શનનું રેલવે ઇલેક્ટ્રિફિકેશન.
- 636 કિલોમીટર લાંબી ગ્રાન્ડ એનિકટ કેનાલ સિસ્ટમના આધુનિકીકરણ માટેનું શિલારોપણ.
- આઇઆઇટી મદ્રાસ ખાતે ડિસ્કવરી કેમ્પસનું શિલારોપણ કર્યું

### અર્જુનઃ સ્વદેશી બનાવટની બેટલ ટેન્ક

વડાપ્રધાને સ્વદેશી બનાવટની અને ઉત્પાદિત મેઇન બેટલ ટેન્ક અર્જુન માર્ક 1A લશ્કરને સુપરત કરી હતી. તેમણે જણાવ્યું કે આ પગલું ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં લેવાયું છે.

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.




"તામિલનાડુની સંસ્કૃતિની રક્ષા અને ઉજવણી કરવી એ અમારા માટે સન્માનની વાત છે.

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

### કેરળ માટેનાં નવા પ્રોજેક્ટ્સઃ

- બીપીસીએલ કોચી રિફાઇનરીની નજીક રૂ. 6,000 કરોડનાં ખર્ચે બનેલી પ્રોપલિન ડેરિવેટિવ્ઝ પેટ્રોકેમિકલ્સ સુવિધાનું ઉદઘાટન કર્યું. આનાથી રૂ. 4,000 કરોડ સુધીનાં વિદેશી હૂંડિયામણની બચત થશે.
- કોચીમાં વિલિંગ્ડન આઇલેન્ડ ખાતે રો-રો વેસલનું ઉદઘાટન કર્યું.
- કોચીમાં રૂ. 25.72 કરોડનાં ખર્ચે ઇન્ટરનેશનલ ક્રુઝ ટર્મિનલ સાગરિકાનું ઉદઘાટન કર્યું, જેનાથી પ્રવાસન, રોજગારને પ્રોત્સાહન મળશે અને વિદેશી હૂંડિયામણ પણ મળશે.
- રૂ. 27.5 કરોડનાં ખર્ચે મરિન એન્જિનિયરીંગ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યુટ વિજ્ઞાન સાગરનું ઉદઘાટન. કોચીન શિપયાર્ડ લિમિટેડની આ ઇન્સ્ટિટ્યુટ ભારતની એક માત્ર મરિન એન્જિનિયરીંગ સંસ્થા છે જે અન્ડરગ્રેજ્યુએટ કોર્સમાં 114 વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે છે.
- સાઉથ કોલ બર્થના પુનર્નિમાણ માટે શિલારોપણ કર્યું. એનાથી લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે અને કાર્ગો ક્ષમતમાં વધારો થશે. ■

# બિનસંગઠીત ક્ષેત્રના કર્મચારીઓ માટે પેન્શનની ગેરન્ટી

દેશના કરોડો ગરીબોના મનમાં એ સવાલ હોય છે કે જ્યાં સુધી હાથ-પગ ચાલે છે ત્યાં સુધી કામ મળી રહેશે, પણ શરીર નબળું પડી જાય પછી શું થશે? આવા શ્રમિકો માટે નિવૃત્તિ પછી ગુજરાન ચલાવવું મુશ્કેલ થઈ જાય છે. મજૂરી કરતા હોય ત્યારે આવક એટલી નથી હોતી કે નિવૃત્તિ માટે બચત કરી શકે. સંગઠિત ક્ષેત્રના મોટા ભાગના કર્મચારીઓને નિવૃત્તિ પછી પણ નાણાંકીય ટેકો ચાલુ રહે છે, પણ બિનસંગઠિત કર્મચારીઓને ઘણી તકલીફ ભોગવવી પડે છે. બિનસંગઠીત ક્ષેત્ર માટે બે વર્ષ પહેલાં લોંચ કરવામાં આવેલી પીએમ શ્રમ યોગી માન ધન સ્કીમ ( PM- SYM) આ સેક્ટરના કર્મચારીઓને નાણાંકીય સલામતી પૂરી પાડે છે.







અમુક ઉંમર થાય પછી બિનસંગઠિત ક્ષેત્રના લોકો માટે પરિવારનું ભરણપોષણ કરવું અઘરું બની જાય છે. આવા લોકોને મદદનો હાથ લંબાવવા માટે અને તેમની નાણાંકીય મુશ્કલી ઓછી કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 માર્ચ, 2019નાં રોજ અમદાવાદના વસ્ત્રાલ ખાતે પ્રધાન મંત્રી શ્રમ યોગી માન-ધન (PM-SYM) સ્કીમ લોંચ કરી હતી. PM-SYM એ પેન્શન સ્કીમ છે, જેનો લાભ બિનસંગઠીત ક્ષેત્રના આશરે 42 કરોડ કર્મચારીઓને મળશે. આ સ્કીમમાં કર્મચારીઓ અને શ્રમિકો વૃધ્ધ થાય ત્યારે તેમને આર્થિક અને સામાજિક સલામતીની ખાતરી આપવામાં આવી છે.

> હું દેશના તમામ પરિવારોને તેમના ઘરે કામ કરવા આવતા શ્રમિકોને શ્રમ યોગી માન-ધન યોજના સાથે જોડાવામાં મદદ કરવાનો આગ્રહ કરું છું. પૈસાપાત્ર લોકોની આ મદદથી ગરીબોને મોટો લાભ થશે. તમારી સેવા સાથે સંકળાયેલા આ લોકો પ્રત્યે તમારું આ પ્રદાન દેશને વધુ મજૂબત કરશે.
>
> \- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



દેશના કુલ કર્મચારી બળમાં બિનસંગઠિત ક્ષેત્રનો હિસ્સો આશરે 85 ટકા છે અને દેશની જીડીપીમાં તે આશરે 50 ટકા યોગદાન આપે છે. આવા કર્મચારીઓમાં ઘરઘાટી, ઘરકામ કરનારા, કૃષિ મજૂરો, જમીન વિહોણા શ્રમિકો, રિક્ષા ચલાવનારા, ફેરિયાઓ, લારી પર ધંધો કરનારા. કુલી, ઇંટોની ભઠ્ઠીમાં કામ કરનારા શ્રમિકો, મોચી, કચરો વીણનારાં, ધોબી, બાંધકામ ક્ષેત્રના શ્રમિકો, બિડી કામદારો, હેન્ડલુમ શ્રમિકો, ચામડાંની ફેક્ટરીમાં કામ કરતા શ્રમિકો, ઓડિયો-વિઝ્યુઅલ ક્ષેત્રના કર્મચારીઓ અને આ પ્રકારના વ્યવસાયોમાં કામ કરતા અન્ય કર્મચારીઓનો સમાવેશ થાય છે. સરકારે આવા કર્મચારી અને શ્રમિકોને 'શ્રમ યોગી' તરીકે ગણાવીને તેમનું સન્માન કર્યું છે.

- આ સ્કીમ એવા બિનસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ માટે છે, જેમની માસિક આવક પ્રતિ માસ રૂ. 15,000 કે તેનાથી ઓછી છે. તેમની પાસે બેન્કમાં બચત ખાતું અને આધાર નંબર હોવા જોઇએ.
- આ સ્કીમમાં જોડાવા માટે લઘુતમ ઉંમર 18 અને મહત્તમ 40 વર્ષ છે.
- આ સ્કીમ સ્વૈચ્છિક અને કોન્ટ્રીબ્યુશન આધારિત છે એટલે કે કર્મચારીએ ફાળો આપવો પડશે. લાભાર્થીને 60 વર્ષની વયથી પ્રતિ માસ રૂ. 3,000નું પેન્શન મળશે.
- આ સ્કીમનો લાભ લેવા આધાર અને બેન્ક ખાતાની વિગતો આપીને માત્ર એક ફોર્મ ભરવાનું હોય છે. લાભાર્થીને સ્કીમનો લાભ આપવા માટે જન સેવા કેન્દ્ર (CSC) ને થતો ખર્ચ સરકાર ભોગવશે.
- PM-SYM માટે લાભાર્થીએ દર મહિને ચોક્કસ રકમ ભરવાની રહેશે. સ્કીમ લેતી વખતે જે ઉંમર હોય તેને આધારે પ્રતિ માસ રૂ. 55થી રૂ. 200 ભરવાના રહેશે.

**આ સ્કીમ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લાગુ પડશે. ભારતના 3,52,598 જન સેવા કેન્દ્રોમાં અરજી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.**

**અત્યાર સુધી 44,88,676 લોકોએ તેનો લાભ લીધો છે.**

- આ સ્કીમમાં 50:50ના ધોરણે ફાળો આપવામાં આવે છે. સરકાર પણ લાભાર્થી જેટલી જ રકમ પેન્શન ખાતામાં જમા કરાવે છે.
- જો લાભાર્થીનું મૃત્યુ થાય તો તેના પતિ કે પત્ની અડધું પેન્શન મળે છે.
- લાભાર્થી દ્વારા આ સ્કીમમાં તેના બેન્ક ખાતા કે જન ધન ખાતામાંથી ઓટો-ડેબિટ સુવિધા દ્વારા પેન્શન ખાતામાં રકમ જમા થાય છે.
- આ સ્કીમમાં નીકળવાની જોગવાઈ પણ સરળ છે. લાભાર્થી ગમે ત્યારે આ સ્કીમમાંથી નીકળી શકે છે. એક્ઝિટ વખતે લાભાર્થીને સ્કીમની જોગવાઇ પ્રમાણે મળવા પાત્ર હિસ્સો પાછો મળી જશે.
- PM-SYM એ કેન્દ્રીય યોજના છે, જે શ્રમ અને રોજગાર મંત્રાલય સંભાળે છે અને તેનો અમલ લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને જન સેવા કેન્દ્રો દ્વારા થાય છે.
- એલઆઇસી આ સ્કીમની પેન્શન ફન્ડ મેનેજર છે અને પેન્શન ચૂકવણી માટે જવાબદાર છે. PM-SYM હેઠળ એકત્ર કરવામાં આવેલા ભંડોળનું રોકાણ કેન્દ્ર સરકાર દ્વારા નિર્દિષ્ટ ઇન્વેસ્ટમેન્ટ પેટર્ન પ્રમાણે કરવામાં આવે છે. ■

# કાયદાઓ માત્ર માગવાથી નહીં, પણ સમાજના કલ્યાણ માટે લાવવામાં આવે છે

સરકાર સમયની માગને ધ્યાનમાં રાખીને કાયદાઓ ઘડતી હોય છે. પ્રગતિશીલ સમાજ માટે તે જરૂરી હોવાથી ઘડવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં કૃષિ કાયદાઓનો ઉલ્લેખ કરતા આમ જણાવ્યું હતું. સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવના જવાબમાં વડાપ્રધાને સરકારની સિધ્ધિઓ વર્ણવી હતી. સાથે સાથે, વિવિધ સમસ્યાઓ હલ કરવાની સરકારની પ્રતિબધ્ધતા પણ વ્યક્ત કરી હતી. બંને ગૃહોમાં વડાપ્રધાન કયા મુદ્દે શું બોલ્યા તે વાંચો...



**વડાપ્રધાને જણાવ્યું કે કોરોના વાયરસ દરમિયાન ફેરિયાઓને આર્થિક મદદ અને રાહત પહોંચાડવામાં આવી હતી. "મને ખુશી છે કે અમે સફળતાપૂર્વક તે કરી શક્યા."**

વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.

કૃષિ કાયદાઓ અંગે

## કોઇ મંડી બંધ નથી થઈ, એમએસપી યથાવત છે

કોઇ મંડી બંધ નથી કરવામાં આવી, એમએસપી યથાવત જ છે. સરકાર અને અમે બધાં કૃષિ કાયદા મુદ્દે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી રહેલા ખેડૂતોનું સન્માન કરીએ છીએ. એટલા માટે જ સરકારના ટોચના મંત્રીઓ તેમની સાથે વાતચીત કરી રહ્યા છે. ખેડૂતો પ્રત્યેનું આ મોટું સન્માન છે. એમએસપી પર ખરીદી ચાલુ છે. બજેટમાં મંડીઓને મજબૂત કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ બાબતોની અવગણના ન કરી શકાય. કૃષિ સુધારાઓ, કિસાન રેલ, e-NAM- આ બધું ખેડૂતોને વિશાળ તકો પૂરી પાડવાના ભાગરૂપે છે.

કિસાન આંદોલનમાં હિંસા અંગે

## આંદોલનજીવીઃ દેશમાં નવી જમાત

દેશનાં ટોલ પ્લાઝા તો તમામ રાજ્ય સરકારોએ સ્વીકારેલી વ્યવસ્થા છે. ટોલ પ્લાઝામાં તોડફોડ કરવી, તેમને કબ્જે કરવા બંધ કરી દેવા એ શું વર્તમાન આંદોલનને ખરડવાના પ્રયાસ નથી? આપણે કેટલાંક શબ્દોથી પરિચિત છીએ-શ્રમજીવી, બુધ્ધિજીવી. પણ હું જોઇ રહ્યો છું કે કેટલાંક સમયથી એક નવી જમાત પેદા થઈ છે-આંદોલનજીવી. વકીલોનું આંદોલન હોય ત્યાં તેઓ દેખાશે, વિદ્યાર્થીઓનું આંદોલન હશે તો ત્યાં દેખાશે. શ્રમિકોનું આંદોલન હશે તો ત્યાં દેખાશે. ક્યારેક પડદાની પાછળ તો ક્યારેક પડદાની આગળ. એક આખી ટોળકી છે, જે

આંદોલનજીવી છે. તેઓ આંદોલન વિના જીવી શકતા નથી અને આંદોલન દ્વારા ખુદને જીવતા રાખવાના રસ્તા શોધતા રહે છે. દેશ પ્રગતિ કરી રહ્યો છે, આપણે એફડીઆઇ (ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ)ની વાત કરી રહ્યા છીએ, પણ આજકાલ નવી એફડીઆઇ સામે આવી રહી છે અને એ છે 'ફોરેન ડિસ્ટ્રક્ટિવ આઇડિયોલોજી' અને આપણે તેમનાંથી દેશને બચાવવાનો છે.

કોવિડ-19 અંગે

## ફ્રન્ટલાઇન વોરિયર્સ ભગવાનનું રૂપ!

કોરોનાનો મજબૂત રીતે સામનો કરવા બદલ ફ્રન્ટલાઇન વર્કર્સને બિરદાવતા વડાપ્રધાને જણાવ્યું કે, "આપણા ડોક્ટરો, નર્સિસ, કોવિડ વોરિયર્સ, સફાઇ કર્મચારીઓ, એમ્બ્યુલન્સ ચાલકો...આવા લોકો અને બીજા અનેક લોકો ભગવાનનું સ્વરૂપ લઈને આવ્યા, જેમણે વૈશ્વિક મહામારી સામે ભારતની લડાઇને મજબૂત કરી." તેમણે જણાવ્યું કે, મહામારી દરમિયાન સરકારે અસરગ્રસ્ત લોકોના ખાતામાં સીધા રૂ. બે કરોડ ટ્રાન્સફર કરીને મદદ કરી હતી. જન-ધન-આધાર મોબાઇલ (JAM)ની ત્રિપુટીએ લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન કર્યું. તેણે ગરીબમાં ગરીબ, છેવાડાના અને કચડાયેલા માણસને મદદ કરી. કમનસીબી જૂઓ કે એક સમયે લોકો આધારને અટકાવવા કોર્ટમાં લડ્યા હતા. કોણ છે આ લોકો જેઓ સુપ્રીમ કોર્ટમાં ગયા હતા?

અર્થતંત્ર અંગે

## દ્વિઅંકી વૃદ્ધિની સંભાવના

મહામારી દરમિયાન પણ આર્થિક સુધારા ચાલુ રહ્યા હતા અને તેનાથી અર્થતંત્રને વેગ મળ્યો. આપણે દ્વિઅંકી વૃદ્ધિ હાંસલ કરીશું એવી અપેક્ષા છે. વડાપ્રધાને જણાવ્યું કે, સરકાર ગરીબો અને મધ્યમ વર્ગ માટે નવી તકો સર્જવા માટે માળખાકીય સુવિધાઓ મજબૂત બનાવવા કામ કરી રહી છે. સરકાર દેશને સંતુલિત વિકાસની દિશામાં લઈ જવા પર ફોકસ કરી રહી છે. તેનું પરિણામ એ છે કે ટ્રેક્ટર અને કારનું વિક્રમ વેચાણ થયું છે. જીએસટીની વસૂલાત અત્યાર સુધીની ટોચ પર છે. આ તમામ આંકડા અર્થતંત્રને ફુલગુલાબી બનાવી રહ્યા છે.

આત્મનિર્ભર

## સમર્થ બનીશું તો જ સશક્ત બનીશું

વડાપ્રધાને જણાવ્યું કે કોવિડ પછીની દુનિયા બદલાઈ ગઈ છે. આવા સમયમાં, વૈશ્વિક ટ્રેન્ડ્સથી અલિપ્ત રહેવું એ નુકસાનકારક સાબિત થઈ શકે છે. તેથી જ, ભારત 'આત્મનિર્ભર ભારત' બનવાની દિશામાં કામ કરી રહ્યું છે. કોરોના મહામારી દરમિયાન ભારતે ખુદને અને વિશ્વને જે રીતે સંભાળ્યું એ એક જાતનો ટર્નિંગ પોઇન્ટ છે. કોરોના સમયમાં ભારતે 'સર્વેભન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયા' ની ભાવનાને વેગ આપ્યો છે. આજે આપણે ફાર્મસીમાં આત્મનિર્ભર છીએ. આપણે વિશ્વના કલ્યાણ માટે કામમાં આવીએ છીએ. ભારત જેટલું સામર્થ્યવાન હશે, માનવજાતિ અને વિશ્વ કલ્યાણમાં મોટી ભૂમિકા નિભાવી શકશે એટલા માટે આપણા માટે જરૂરી છે કે આત્મનિર્ભર ભારતના આ વિચારને મજબૂત કરીએ.

સુધારા અંગે

## પ્રગતિના માર્ગમાં અવરોધોને દૂર કર્યા

- લોકોને 2014 સુધી ઇપીએફઓમાં પેન્શન તરીકે રૂ. 7થી રૂ. 25 મળતા હતા. અમે તેમાં સુધારો કર્યો અને રકમ વધારીને રૂ. 1,000 કરી.
- લોકો કહેતા હતા કે ભલામણ વગર કોઇને નોકરી ન મળે.
- અમે એ પ્રથા બંધ કરી. તામિલનાડુમાં એક સમયે ચર્ચિલ સિગાર આસિસ્ટન્ટ (CCA)ની પોસ્ટ હતી. 1940માં ચર્ચિલ ઇંગલેન્ડના વડાપ્રધાન બન્યા ત્યારે ત્રિચીથી સિગાર મગાવતા હતા. CCAનું કામ ચર્ચિલને સમયસર સિગાર પહોંચાડવાનું હતું. ભારત આઝાદ થયો તે પછી પણ CCAની પોસ્ટ ચાલુ રહી. દેશમાં આવી અનેક જૂની વ્યવસ્થાઓ ચાલતી હતી. અગાઉ, સર્ટિફિકેટ પ્રમાણિત કરવાં ફરજિયાત હતા. આ માટે લાંબી લાઇનો લાગતી હતી. આ બધાંનો શું અર્થ છે?.. અમે આ તમામ પ્રથાઓ બંધ કરી. તેનાથી લોકોને ખૂબ ફાયદો થયો છે. ■

# ધબકતા નવા ભારત માટે પૂર્વનો વિકાસ

**કોલકતાથી કોહિમા, ચંપારણ્યથી આંદામાન, બ્રહ્મપુત્રાથી બંગાળનો અખાત અને પુરીના બીચ. પૂર્વ ભારતમાં આશરે 50 કરોડ લોકો રહે છે. પણ દેશનાં અન્ય પ્રદેશોની સરખામણીમાં પૂર્વના રાજ્યો વિકાસના અભાવને કારણે પાછળ રહી ગયા છે. હવે, સૌ પ્રથમ વાર સરકારે 'પૂર્વોદય'ની સાથે ભારત ઉદયની કલ્પના કરી છે. અહીંના લોકોનું જીવન ધોરણ સુધારવા માટે મિશન મોડમાં કામ ચાલી રહ્યું છે. રેલ, રોડ, એરપોર્ટ, પોર્ટ, વોટરવેઝ ની સુવિધા દ્વારા વિકાસ અને વિશ્વાસનાં નવા પરિમાણ સ્થાપીને પૂર્વ ભારતનું ખોવાયેલું ગૌરવ પાછું લાવવાનો પ્રયાસ છે.**



# પૂર્વમાં નવો સૂર્યોદય ઉગ્યો

બ્રહ્મપુત્રા નદી પર પુલ ન હોવાથી રાજ્યના લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. અગાઉ, બ્રહ્મપુત્રા નદી વટાવવા માટે હોડી જ એક માત્ર સાધન હતું અને પૂર દરમિયાન તો એ પણ શક્ય નહોતું. ત્રણ વર્ષ પહેલાં આ સ્થિતિ હતી. સાદિયાના 42 વર્ષીય સંદીપ શર્મા આજે યાદ કરે છે ત્યારે તેમના રૂંવાડા ઊભા થઈ જાય છે. સાદિયામાં આજે ભુપેન હઝારીકા સેતુ ઊભો છે. ઝાડના પાંદડામાંથી ડિસ્પોઝેબલ પ્લેટ્સ બનાવવાનો બિઝનેસ કરતા સંદીપ માટે તેમની માતાને કેન્સરની સારવાર માટે દિબ્રુગઢ લઈ જવા નદીને પેલે પાર જવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. તે કહે છે, "ભુપેન હઝારીકા સેતુ અને બોગીબીલ પુલનું નિર્માણ અમારા માટે આશીર્વાદ સમાન છે." પુલ બની ગયા પછી તેણે પોતાની ફેક્ટરી શરૂ કરી અને હવે તેની પ્રોડક્ટ્સને તિનસુખિયાથી કાઝીરંગા સુધી મોકલી શકે છે. તેનો મુસાફરી સમય 8 કલાકથી ઘટીને 45 મિનિટ થઈ ગયો છે. પરિવર્તનની આવી જ એક કહાની દિબ્રુગઢના પ્રણબ ગોગોઇની છે.

બોગીબીલ પુલ બન્યા પછી તેમનો રિસોર્ટ બિઝનેસ તેજીમાં છે. આ પુલને કારણે બ્રહ્મપુત્રાના ઉત્તર કાંઠાના ધેમાજી જીલ્લાના કુલજાન તિનાલી શહેરના રાજદીપ બોર્ગોહેઇન દક્ષિણ કાંઠા પર આવેલી દિબ્રુગઢ યુનિવર્સિટીમાં ભણવા જઈ શકે છે. દેશના સૌથી મોટા રેલ-રોડ બ્રિજ બોગીબીલને કારણે પૂર્વોત્તરના પ્રદેશોમાં લોકોનું જીવન સરળ બન્યું છે. આ પુલથી શિક્ષણ અને વેપાર જેવા ક્ષેત્રોને પ્રોત્સાહન મળ્યું છે એટલું જ નહીં સ્થાનિક લોકો માટે જીવનરેખા પુરવાર થયું છે. તેનાથી ઇટાનગરથી દિબ્રુગઢ વચ્ચેનું મુસાફરી અંતર 700 કિલોમીટરથી ઘટીને 200 કિલોમીટર અને મુસાફરીનો સમય 24 કલાકથી ઘટીને 5-6 કલાક થયો છે. પાંચ કિલોમીટર લાંબો આ પુલ ઉત્તરપૂર્વના રાજ્યોને જોડે છે એટલું જ નહીં, પૂર્વોત્તરના પ્રદેશમાં વિકાસની ગતિ ઝડપી કરવામાં અને આત્મનિર્ભર બનાવવામાં પણ મદદ કરે છે. પરિવર્તનની આ કહાની પૂર્વ અને ઉત્તરના રાજ્યોના સામાન્ય લોકોના જીવન પૂરતી મર્યાદિત નથી, ઉદ્યોગોને પણ વેગ મળ્યો છે.



"અગાઉ જે કલ્પના માત્ર હતી, તે હવે હકીકત છે. મેં મારી ફેક્ટરી શરૂ કરી છે. પુલ બનવાથી વેપાર, આરોગ્ય, શિક્ષણ, સલામતી જેવા ક્ષેત્રોને લાભ થયો છે. તેનાથી લોકોનો માનસિક વિકાસ પણ થઈ રહ્યો છે. અમારા વિસ્તારમાં એવા પણ લોકો છે જેમણે અગાઉ ક્યારેય ટ્રેન જોઈ નહતી, પણ હવે તેઓ બેંગલુરુ, દિલ્હી, મુંબઇ જેવા શહેરોમાં જવા ટ્રેન દ્વારા મુસાફરી કરે છે."

-સંદીપ શર્મા

પશ્ચિમ બંગાળનું હલ્દીયા મોટું વેપાર અને ઔદ્યોગિક કેન્દ્ર છે. તે આત્મનિર્ભર ભારત માટેનું મુખ્ય કેન્દ્ર બનવાની સાથે સાથે વિશ્વના નકશા પર પોતાનું નામ અંકિત કરવા માટે સજ્જ છે. ફેબ્રુઆરીમાં 350 કિલોમીટર લાંબી દોભી-દુર્ગાપુર પાઇપલાઇન રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી હતી. હલ્દિયામાં થયેલો વિકાસ એ હકીકત પરથી સમજી શકાય કે બે વર્ષ પહેલાં જાણીતી એફએમસીજી કંપનીનો કાર્ગો ઇનલેન્ડ વોટરવેઝ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ દ્વારા હલ્દિયાથી વારાણસી (ઉત્તરપ્રદેશ) મોકલવામાં આવ્યો. આઝાદી પછી પ્રથમ વાર એવું બન્યું કે વેપાર ધંધા માટે ભારતે જળમાર્ગનો સફળ ઉપયોગ કર્યો. પૂર્વ ભારત હવે જળ માર્ગે બંગાળના અખાત સાથે જોડાયેલો છે. આ જળ માર્ગે આ પ્રદેશના ખેડૂતો તથા લઘુ ઉદ્યોગો માટે નવી તકો સર્જી છે. આ જળ માર્ગ ઉદ્યોગ અને કૃષિ માટેનો કાચો માલ મોકલવામાં અને વેલ્યુ એડિશન બાદ પાછો મગાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. હલ્દિયા અને વારાણસી વચ્ચેના આ જળ માર્ગે પૂર્વ ભારતના લોકોનાં જીવન અને વેપારમાં મોટું પરિવર્તન સર્જ્યું છે.

આઝાદી પહેલાં પૂર્વ ભારત મહત્વનું વેપાર કેન્દ્ર હતું. જો કે, ખનીજ સંસાધનો, કુદરતી સુંદરતા અને જીવ વૈવિધ્ય હોવા છતાં સમયની સાથે સાથે તે પોતાની ચમક ગુમાવી બેઠું. આ પ્રદેશની સમૃધ્ધિ એ હકીકત પરથી જાણી શકાય કે અહીં પારાદીપ, હલ્દિયા અને કોલકતા જેવા દેશના અગ્રણી પોર્ટ છે. પશ્ચિમ બંગાળ અને ઓરિસ્સા ખનીજથી સભર છે, જ્યારે પૂર્વોત્તરના આઠ રાજ્યો ભરપુર વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ ધરાવે છે. અનેક રીતે સમૃધ્ધ હોવા છતાં આ રાજ્યોની મહદ અંશે અવગણના થઈ હતી.

આટલું જ નહીં, ભારતનો પૂર્વ પ્રદેશ દક્ષિણ-પૂર્વ એશિયા જવા માટેનું પ્રવેશદ્વાર છે અને બાંગલાદેશ, ભુટાન, મ્યાંમાર, નેપાળ અને ચીન જેવા પાંચ દેશો સાથે આંતરરાષ્ટ્રીય સરહદો ધરાવે છે. આઝાદી પછી આ પ્રદેશમાં મહત્વપૂર્ણ વિકાસ થઈ શક્યો નહોતો. ભૂતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ તેમના શાસનકાળમાં 'લુક ઈસ્ટ' નીતિ લોંચ કરી. વાજપેયીની આ નીતીને આગળ ધપાવતા સરકારે 2014થી આ વિસ્તારનું ચિત્ર બનાવવાની દિશામાં કામ શરૂ કર્યું. ગુમાવેલો વૈભવ પાછો લાવવા અને તેને ફરી બિઝનેસ હબ બનાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'લુક ઈસ્ટ' નીતિને 'એક્ટ ઈસ્ટ' નીતિમાં પરિવર્તિત કરી. આને પરિણામે, હાઈવેઝ, આઈ-વેઝ, રેલવેઝ એન્ડ એરવેઝ (HIRA), કળા અને સંસ્કૃતિ, રમતગમત અને વેપાર ધંધા પર ફોકસ વધાર્યું અને હવે ભારતને આત્મનિર્ભર બનાવવામાં તે મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. 2014થી સરકારનું ફોકસ આ પ્રદેશમાં માળખાકીય વિકાસ કરવાનું અને જળમાર્ગ દ્વારા બાંગલાદેશ, નેપાળ, ભુટાન અને મ્યાંમાર સાથે કનેક્ટિવિટી સુધારવાનું છે. આનું પરિણામ એ આવ્યું કે દક્ષિણ પૂર્વ એશિયાના કેટલાંક દેશો સાથે ભારતનો વેપાર ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે અને તેનો શ્રેય પૂર્વ ભારતમાં ખનીજ આધારિત ઉધોગોને જાય છે. સરકારનું ફોકસ વિકાસ પર હતું, ત્યારે એ પણ સ્વીકારવું પડે કે સાતત્યપૂર્ણ વિકાસ માટે આ વિસ્તારમાં શાંતિ સ્થપાવી જરૂરી છે. આંતરિક સંઘર્ષનો અંત લાવવા માટે સરકારે બોડો, નાગા અને બ્રુ-રિયાંગ જેવી ઐતિહાસિક સમજૂતિઓ કરી હતી.




પૂર્વોત્તર ભારતના રાજ્યોમાં રૂ. 15,088 કરોડના છ રેલવે પ્રોજેક્ટ્સ પૂરા થયા




**39.12 કિલોમીટર** લાંબી બેલોનિયા-સાબ્રુમ રેલવે લાઇન પૂરી થતાં દક્ષિણ ત્રિપુરાથી બાંગલાદેશના ચાત્તોગ્રામ પોર્ટ સુધીનો માર્ગ સરળ બન્યો

- સરાઇઘાટ અન તેઝપુર સ્લિઘાટ ખાતે બ્રહ્મપુત્રા પર પુલોને મંજૂરી. નોર્થ ઇસ્ટ રેલવેના 2352 કિલોમીટર લાંબા BG રેલવે નેટવર્ક પર ઇલેક્ટ્રિફિકેશન ચાલી રહ્યું છે.
- હાવરા અને માલ્દા ડિવિઝનના કટવા-અઝીમગંજ અને મોનિગ્રામ-નાલહાટી સેક્શન પર 140 કિલોમીટર લાંબો રેલવે ઇલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ રૂ. 219 કરોડનાં ખર્ચે પૂરો થયો. ઇસ્ટર્ન રેલવેના હાવરા ડિવિઝનમાં 14 કિલોમીટર લાંબી ટ્રિપલ લાઇન અને માલ્દા તથા સિયાલ્દાહ ડિવિઝનમાં 27.17 કિલોમીટર લાંબી ડબલ લાઇન શરૂ થઈ.
- 2014-19 દરમિયાન પૂર્વોત્તર પ્રદેશમાં 231 કિલોમીટરની નવી લાઇનો શરૂ થઈ હતી. 41 નવા રેલવે સ્ટેશનો બાંધવામાં આવ્યા હતા. અરૂણાચલ પ્રદેશ અને મેઘાલય હવે પ્રથમ વાર રેલવેઝથી જોડાઈ ગયા છે.



## ઉડ્ડયન

- અરૂણાચલ પ્રદેશ માટે કનેક્ટિવિટી પૂરી પાડવા હોલોંગી ખાતે ગ્રીનફીલ્ડ એરપોર્ટનું કામ શરૂ થયું. રૂ. 955.67 કરોડનાં અંદાજિત ખર્ચે બનનારો આ પ્રોજેક્ટ 2022 સુધીમાં પૂરો થવાની ધારણા છે.
- 2018માં સિક્કિમને પ્રથમ એરપોર્ટ મળ્યું. અન્ય રાજ્યોમાં પણ નવા એરપોર્ટ ખુલી રહ્યા છે અથવા તો વર્તમાન એરપોર્ટની સુવિધા અને ક્ષમતાનું વિસ્તરણ થઈ રહ્યું છે. હવે પૂર્વોત્તરમાં 13 એરપોર્ટ કાર્યરત છે.
- પ્રદેશમાં ઇમ્ફાલ સહિતના વર્તમાન એરપોર્ટનું વિસ્તરણ કરવા આધુનિક સુવિધાઓ સ્થાપવા માટે રૂ. 3,000 કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.



# ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ મળ્યો

2014 પછી પૂર્વોત્તર ભારતમાં અનેક સુવિધાઓ ઊભી થઈ છે. અરૂણાચલ પ્રદેશના પાસિઘાટને આસામના દિબ્રુગઢ સાથે જોડતો સૌથી લાંબો રોડ અને રેલ બ્રિજ બ્રહ્મપુત્રા નદી પર બન્યો છે. મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ દેશના રેલ નકશા પર ઊભરી આવ્યા છે. આ ઉપરાંત, હજારો કિલોમીટરના નવા ધોરી માર્ગ બન્યા છે અને ઉડાન સ્કીમ હેઠળ 92 હવાઇ માર્ગ શરૂ થયા છે, 19 નવા જળ માર્ગ અને 13 એરપોર્ટ્સ શરૂ થયા છે. —આ તમામ સુવિધાઓએ ભારતનો સાચો વિકાસ કર્યો છે.

## આસામ



ભુપેન હઝારિકા બ્રિજ અને સારીઘાટ બ્રિજ આસામની આધુનિક ઓળખનો હિસ્સો છે. ટૂંક સમયમાં ઢુબરી અને મજુલી ખાતે પણ બ્રિજ બનશે.

વર્તમાન બજેટમાં રાજ્યમાં 1300 કિલોમીટરના નેશનલ હાઇવેઝ માટે 34,000 કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે.

હલ્દિયા (પશ્ચિમ બંગાળ)માં રૂ. 190 કરોડનાં ખર્ચે નવો ફ્લાયઓવર બન્યો. તેનાથી કનેક્ટિવિટી સુધરશે અને મુસાફરીનો સમય ઘટશે

આશરે રૂ. 7707.17 કરોડનાં ખર્ચે 536 કિલોમીટરની લંબાઈ ધરાવતા 35 નેશનલ હાઇવે પ્રોજેક્ટ્સ ફાળવાયા. અરૂણચાલ પ્રદેશમાં ત્રણ પ્રોજેક્ટ્સ (66 કિમીની લંબાઈ) પૂર્ણ થઈ ચૂક્યા છે.

### પૂર્વોત્તરમાં માર્ગ નિર્માણ

| 3,178 કિમી | 22,882 કિમી | 987 કિમી |
|---|---|---|
| ધોરી માર્ગ અને વાહન વ્યવહાર મંત્રાલય દ્વારા | પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના દ્વારા | બોર્ડર રોડ ઓર્ગેનાઇઝેશન દ્વારા |

**મે 2014થી 2019 સુધીના આંકડા**

**ઓડિશામાં નેશનલ હાઇવેઝની લંબાઈ 2014માં 4632 કિમીથી વધીને 2018માં 9426 કિમી થઈ**

**2014થી પૂર્વોત્તરમાં રોડ અને બ્રિજના 86 પ્રોજેક્ટ્સને મંજૂરી. આમાંથી 6 પ્રોજેક્ટ્સ પૂરા થયા, જ્યારે 90 પર કામ ચાલુ છે**

**સરકારે આ પ્રદેશની અંદર આંતરરાજ્ય માર્ગોના વિકાસ અને મેઇન્ટેનન્સ માટે નોર્થ ઇસ્ટ રોડ સેક્ટર ડેવલપમેન્ટ સ્કીમ લોંચ કરી છે**

### આસોમ માલા પ્રોજેક્ટ

ભારત માલા પ્રોજેક્ટની જેમ આગામી 15 વર્ષમાં આસોમ માલા પ્રોજેક્ટ આધુનિક રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરશે. વિશાળ હાઇવેઝના નેટવર્ક દ્વારા રાજ્યના તમામ ગામડાંને મુખ્ય રોડથી જોડવામાં આવશે.

### રાજધાની શહેરોને જોડવામાં આવશે

આસામ અને અરૂણાચલ પ્રદેશના રાજધાની શહેરો બ્રોડ ગેજ રેલ નેટવર્કથી જોડાયેલાં છે. મેઘાલય, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ અને સિક્કિમની રાજધાનીઓને પણ જોડવા નવી બ્રોડ ગેજ લાઇનનું કામ શરૂ થઈ ગયું છે.



### જળ માર્ગ

- કોલકતા અને હલ્દિયા પોર્ટ્સથી ઇન્ડો-બાંગલાદેશ પ્રોટોકોલ (IBP) રૂટ અને NW2 (બ્રહ્મપુત્રા) દ્વારા બલ્ક કાર્ગો અને કન્ટેનરની હેરફેર ચાલુ છે. હલ્દિયા ખાતે મલ્ટીમોડલ ટર્મિનલનું નિર્માણ કરવાની યોજના પર ઇનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી દ્વારા કામ ચાલી રહ્યું છે.
- આસામમાં મહાબાહુ-બ્રહ્મપુત્રા પ્રોજેક્ટ લોંચ કરવામાં આવ્યો. તેનાથી નેમાતી-મજુલી આઇલેન્ડ, નોર્થ ગુવાહાટી, સાઉથ ગુવાહાટી અને ઢુબરી-હતસિંગમારી વચ્ચે રો-પેક્સ વેસલ કામગીરી સરળ બનશે. આ વિસ્તારોમાં રો-પેક્સ સર્વિસને કારણે અંતરમાં નોંધપાત્ર ઘટાડો થશે.
- ત્રિપુરાને બાંગલાદેશ સાથે જોડતો સોનમપુરા-દૌડકાંડી ઇનલેન્ડ વોટરવેઝ પ્રોટોકોલ રૂટ મે 2020માં સક્રિય બનશે.
- સાગરમાલા હેઠળ ઓડિશા માટે રૂ. 20,000 કરોડનાં 34 પ્રોજેક્ટ્સ નિર્ધારિત કરવામાં આવ્યા છે.


## રોજગારની નવી તકો

દુર્ગાપુર અને સિંદરી ફર્ટિલાઇઝર ફેક્ટરીઓ માટે ગેસ પુરવઠો. આ બે ફેક્ટરીઓના વિકાસથી રોજગારની તકો સર્જાશે અને ખેડૂતોને પૂરતા પ્રમાણમાં અને સસ્તું ખાતર મળશે

## 348 કિમી લાંબી ગેસ પાઇપલાઇન

દોભી-દુર્ગાપુર નેચરલ ગેસ પાઈપલાઈન સેક્શન પ્રધાનમંત્રી ઉર્જા ગંગા પાઇપલાઇનનો હિસ્સો છે, જે રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી

## મિશન પૂર્વોદય



મિશન પૂર્વોદય હેઠળ કેન્દ્ર સરકાર પૂર્વ ભારતમાં ઇન્ટીગ્રેટેડ સ્ટીલ હબનું નિર્માણ કરી રહી છે

## પશ્ચિમ બંગાળને લાભ

દોભી-દુર્ગાપુર નેચરલ ગેસ પાઈપલાઈનથી પશ્ચિમ બંગાળના 10 જિલ્લા ઉપરાંત બિહાર અને ઝારખંડને સીધો લાભ થશે



## રૂ. 9265 કરોડ

ઇન્દ્રધનુષ ગેસ ગ્રિડ લિમિટેડના નોર્થ ઈસ્ટ ગેસ ગ્રિડ પ્રોજેક્ટ માટે મંજૂર. 1656 કિમી લાંબી પાઇપલાઇન તમામ આઠ રાજ્યોને આવરી લેશે અને પ્રદેશમાં ઔદ્યોગિક વૃધ્ધિને વેગ આપશે

# ઉદ્યોગને ખનીજો ગતિ આપશે

પૂર્વોત્તર રાજ્યો સંસાધનોથી ભરપૂર છે. અહીં સોનું, લાઇમસ્ટોન, ડોલોમાઇટ, બોક્સાઇટ, ગ્રેફાઇટ, સિલિમનાઇટ અને આયર્ન સુધીના ખનીજ મળે છે. આ ઉપરાંત, કૃષિ માટેની પણ વ્યાપક સંભાવના છે

## એમએસએમઇ માટે રૂ. 47.02 કરોડ

જૂન 2019થી મે 2020 દરમિયાન પૂર્વોત્તરના રાજ્યોમાં એમએસએમઇના પ્રોત્સાહન માટે રૂ. 47.02 કરોડ ફાળવવામાં આવ્યા

આ પ્રદેશમાં થઈ રહેલો વિકાસ એટલો વિસ્તૃત છે કે હવે દેશનો પૂર્વનો વિસ્તાર દેશને પ્રગતિ તરફ લઈ જઈ રહ્યો છે.

### ‘પૂર્વોદય’ માટેનો નવો મંત્ર

પૂર્વ ભારત એ દક્ષિણ પૂર્વ એશિયામાં જવા માટે ભારતનું પ્રવેશદ્વાર છે. સરકાર ‘પૂર્વોદય’ના મંત્ર સાથે આ ધ્યેય હાંસલ કરવા મિશન મોડમાં કામ કરી રહી છે. “પૂર્વ ભારત અને પશ્ચિમ ભારત એ ભારત માતાના બે હાથ છે. પશ્ચિમ ભારત વિકસ્યું છે, પણ પૂર્વ ભારતના વિકાસ વગર ભારતનો વિકાસ શક્ય નથી,” એમ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે જણાવ્યું હતું. આ અભિગમ સાથે સરકાર આ પ્રદેશમાં 3Cs — કનેક્ટિવિટી, કોમર્સ અને કલ્ચર-ના વિકાસને પ્રોત્સાહન આપી રહી છે.

### પશ્ચિમ બંગાળ ઉદ્યોગ કેન્દ્ર તરીકે ઊભર્યું

પશ્ચિમ બંગાળ એ માત્ર રાજ્યનું નામ નથી, પણ એક ‘જીવનધારા’ છે. કેન્દ્ર સરકાર પશ્ચિમ બંગાળને ઔદ્યોગિક અને ઉત્પાદન કેન્દ્ર બનાવવાની યોજના ધરાવે છે, જેથી તે તેની ઐતિહાસિક શ્રેષ્ઠતા પુનઃ પ્રાપ્ત કરી શકે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો “બંગાળ આજે જે વિચારે છે, તે દેશ આવતી કાલે વિચારે છે. આમાંથી પ્રેરણા લઇને આપણે આગળ વધવું જોઇએ.”

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક માત્ર વડાપ્રધાન છે જેમણે 40થી વધુ વાર પૂર્વોત્તર ભારતના રાજ્યોની મુલાકાત લીધી છે. દર 15 દિવસે એક મંત્રીની મુલાકાત પણ ગોઠવવામાં આવે છે.**

**એવું પ્રથમવાર બન્યું છે કે સરકારે તમામ મંત્રાલયો અને વિભાગો માટે તેમના કુલ વાર્ષિક બજેટનો 10 ટકા હિસ્સો પૂર્વોત્તરના રાજ્યો માટે ફાળવવાનું ફરજિયાત કર્યું છે**

નેશનલ હાઇવેઝ, જળમાર્ગો, હવાઇ માર્ગો, પોર્ટ્સ અને ગામડાંમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી-રાજ્યના વિકાસ માટે આ ક્ષેત્રોમાં સતત કામ ચાલી રહ્યું છે. કોઇ પણ પ્રદેશના વિકાસ માટે સ્થાનિકોનું સશક્તિકરણ જરૂરી છે. આ સ્થિતિમાં, સરકારી યોજનાઓને પગલે સ્થાનિકો માટે 'ઇઝ ઓફ લિવિંગ' નવો નિયમ બની ગયો છે. ગરીબોને 30 લાખ મકાનો પૂરા પાડવાથી માંડીને 90 લાખ મહિલાઓને ઉજ્જવલા સ્કીમ હેઠળ મફતમાં ગેસ જોડાણ આપવાં, જન ધન યોજના હેઠળ ચાર કરોડ લોકોને બેન્ક ખાતા ખોલી આપવાથી માંડીને જલ જીવન મિશન દ્વારા ચાર લાખ મકાનોમાં પાઇપ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવો જેવા કામો પશ્ચિમ બંગાળમાં લોકોનાં જીવન સુધારી રહ્યાં છે.

ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી વધારવા માટે નેપાળ અને બાંગલાદેશને જોડતા રોડ પ્રોજેક્ટ માટે કામ ચાલી રહ્યું છે. કોલકતામાં ઇસ્ટવેસ્ટ મેટ્રો કોરિડોર માટે રૂ. 8500 કરોડ ફાળવવામાં આવ્યા છે. દેશની આ પ્રથમ અન્ડરવોટર મેટ્રો હશે.

પૂર્વ ભારતમાં જીવન અને વેપારની ગુણવત્તા સુધારવા બંધ ઉદ્યોગોને બેઠાં કરવામાં આવી રહ્યા છે અને રેલ, રોડ, એરપોર્ટ, પોર્ટ અને જળમાર્ગો પર કામ ચાલી રહ્યું છે. ગેસની અછતને કારણે ઉદ્યોગો બંધ થઈ જતા હતા તેથી સરકારે પૂર્વ ભારતને પૂર્વના પોર્ટ્સ અને પશ્ચિમના પોર્ટસ સાથે જોડવાનો નિર્ણય કર્યો. પ્રધાનમંત્રી ઉર્જા ગંગા પ્રોજેક્ટ હેઠળ ફેબ્રુઆરીમાં 350 કિમી લાંબી દોભી-દુર્ગાપુર પાઇપલાઇન શરૂ કરવામાં આવી હતી, જેનો સીધો લાભ પશ્ચિમ બંગાળના 10 જીલ્લા ઉપરાંત બિહાર અને ઝારખંડને પણ થશે. આ




# ઉગ્રવાદ પર અંકુશ

**2014 પછી સરકારે દેશના પૂર્વ અને પશ્ચિમી રાજ્યોના વિકાસમાં સંતુલન લાવવા પ્રયાસો શરૂ કર્યા. તેણે પૂર્વ ભારતમાં શાંતિ, સલામતી, કનેક્ટિવિટી અને આર્થિક વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી, કારણ કે શાંતિ સ્થાપ્યા વિના વિકાસ શક્ય નથી.**

2015માં સરકાર અને નાગાલેન્ડની નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલના ઇસાક-મુઇવાહ જૂથ વચ્ચે શાંતિ સંધિ પર હસ્તાક્ષર થયા, જેને કારણે અશાંત ઉત્તર-પૂર્વ ભારતમાં શાંતિ સ્થપાઈ. વાટાઘાટના 80 તબક્કા પછી સંધિ પર હસ્તાક્ષર થયા હતા

**750 કરોડ રૂપિયાનું**

બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલ (BTC) પેકેજ, રૂ. 749.64 કરોડના ખર્ચે 65 પ્રોજેક્ટને મંજૂરી અપાઈ. આમાંથી રૂ. 711.19 કરોડ છુટા કરવામાં આવ્યા



**બોડો સંધિ:** કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જાન્યુઆરી 2020માં આસામના વિવિધ બળવાખોર જૂથો સાથે બોડો શાંતિ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા

જાન્યુઆરી 2020માં બોડો સંધિ પર હસ્તાક્ષર કર્યા પછી વિવિધ જૂથોના 2259 ઉદ્દામવાદીઓએ શરણાગતિ સ્વીકારી

**રૂ. 350 કરોડ**

કારબી એંગલોંગ ઓટોનોમસ ટેરિટોરિયલ કાઉન્સિલ (KAATC) પેકેજ હેઠળ આપવામાં આવ્યા

KAATC પેકેજ હેઠળ રૂ. 187.28 કરોડના ખર્ચે 20 પ્રોજેક્ટ્સ મંજૂર અને રૂ. 95.71 કરોડ છુટા કર્યા

મણિપુરમાં સલામતીની સ્થિતિમાં 2018થી નોંધપાત્ર સુધારો થયો. 2017થી ઉદ્દામવાદ સંબંધિત ઘટનાઓમાં 24 ટકાનો ઘટાડો નોંધાયો હતો

દિમા હાસાઓ ઓટોનોમસ ટેરિટોરિયલ કાઉન્સિલ (DHATC) માટે રૂ. 200 કરોડના સ્પેશિયલ પેકેજ હેઠળ રૂ. 121.39 કરોડનાં 10 પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા હતા, જે માટે રૂ. 73.80 કરોડ છૂટા કરવામાં આવ્યા હતા.

# 'ઇઝ ઓફ લિવિંગ' પર સરકારનું ફોકસ

**ઉજ્જવલા સ્કીમના કુલ 8 કરોડથી વધુ લાભાર્થીઓમાંથી 50 ટકાથી વધુ પૂર્વ ભારતના છે. કુલ 29 કરોડ એલપીજી જોડાણોમાંથી 11.5 કરોડ, પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના હેઠળ બનેલા બે કરોડ ઘરોમાંથી 1.12 કરોડ, સ્વચ્છ ભારત મિશન હેઠળ બનેલા 10 કરોડ શૌચાલયોમાંથી 4.5 કરોડ અને એક કરોડ વીજ જોડાણો આ પ્રદેશને પૂરા પાડવામાં આવ્યા છે.**



## રૂ. 13199.36

કરોડ 2014-15 અને 2020-21 દરમિયાન નોર્થ ઈસ્ટ રિજન ડેવલપમેન્ટ મિનિસ્ટ્રીએ પૂર્વોત્તર રાજ્યોના વિકાસ માટે આપ્યા

**ઉજ્જવલા યોજના હેઠળ પશ્ચિમ બંગાળમાં** 90 લાખ **મહિલાઓને ગેસ જોડાણો. આમાં, 36 લાખથી વધુ મહિલાઓ SC/ST કેટેગરીની છે**

**99 ટકા**

**પશ્ચિમ બંગાળમાં એલપીજી ગેસ કવરેજ. 2014માં માત્ર 41 ટકા હતું**

ધન પુરસ્કાર મેલા સ્કીમ હેઠળ 7.5 લાખ ટી ગાર્ડન વર્કર્સને કરોડો રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા

- હલ્દિયા ખાતે નવનિર્મિત એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલ ઊંચી માગને પહોંચી વળવામાં મોટી ભૂમિકા ભજવશે અને પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ અને પૂર્વોત્તરના બે કરોડથી વધુ લોકોને અહીંથી ગેસ મળશે.
- ઉજાલા સ્કીમ હેઠળ પશ્ચિમ બંગાળમાં 92.29 લાખ, મેઘાલયમાં 4.33 લાખ, આસામમાં 71.76 લાખ, અરૂણાચલ પ્રદેશમાં 4.99 લાખ, નાગાલેન્ડમાં 10.99 લાખ, મણિપુરમાં 2.99 લાખ, ત્રિપુરામાં 10.54 લાખ અને મિઝોરમમાં 6.15 લાખ એલઈડીનું વિતરણ. ઓડિશામાં 100 ટકા ઈલેક્ટ્રિફિકેશન
- જલ જીવન મિશન અંતર્ગત દરેક ઘરમાં નળથી પાણીનું જોડાણ આપવામાં આવી રહ્યું છે. સિક્કિમમાં 73.16 ટકા અને મણિપુરમાં 42 ટકા ઘરોને આ સ્કીમમાં આવરી લેવામાં આવ્યા છે
- 41.84 કરોડ જન ધન ખાતામાંથી 16.22 કરોડ ખાતા આ પ્રદેશમાં છે

પ્રોજેક્ટે રાજ્યમાં પાઇપ્ડ ગેસ પૂરો પાડવાની સાથે સાથે સ્થાનિકો માટે આશરે 11 લાખ માનવ દિન રોજગારી પણ સર્જી. આ પાઇપલાઇન માત્ર ઉદ્યોગો જ નહીં, પણ કરોડો ઘરોમાં ગેસ અને વાહનો માટે સીએનજી પહોંચાડીને પ્રદૂષણ ઘટાડશે અને લોકોને આર્થિક રાહત પણ આપશે. તેનાથી પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાંથી દુર્ગાપુર અને સિંદરી ફર્ટિલાઇઝર ફેક્ટરીઓને ગેસનો અવિરત પુરવઠો આપી શકાશે. પૂર્વ ભારતમાં ઉજ્જવલા યોજનાના અમલ પછી એલપીજીના વપરાશ અને માગમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. હલ્દિયા ખાતે એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલ આ વધતી જતી માગને પૂરી કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેનાથી પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ અને પૂર્વોત્તરના રાજ્યોમાં કરોડો પરિવારોને લાભ થશે. આ વર્ષના બજેટમાં પશ્ચિમ બંગાળમાં ઈકોનોમિક કોરિડોરના વિકાસ માટે રૂ. 25,000 કરોડની ફાળવણી કરવામાં આવી છે.

> **"બંગાળ હંમેશા સમયથી આગળ રહ્યું હતું. પણ, તેણે છેલ્લાં કેટલાંક દાયકાઓમાં તેની ગતિ ઝડપી કરી હોત તો આજે તે ક્યાં પહોંચી ગયું હોત તેની કલ્પના કરો"**
>
> **- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

## નીતિ પરિવર્તનથી નવા પૂર્વ ભારતનો વિકાસ

પૂર્વ ભારતના પરિવર્તનનો રોડમેપ ચાર સ્તંભ પર બનાવવામાં આવ્યો છે.-પ્રદેશના વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું વિસ્તરણ અને ઝડપ, લોકોને આજીવિકા આપે તેવા પ્રોજેક્ટ્સ શરૂ કરવા અને પ્રદેશના એકંદર વિકાસ માટે નવા પગલાં ભરવાં. કોઇ પણ યોજનાને સાકાર કરવા માટે મજબૂત તંત્રની જરૂર પડે છે. એ માટે સતત દેખરેખની પણ જરૂર પડે છે.



# શિક્ષણ અને રમતગમત

**2020**
ડિસેમ્બર

ગુવાહાટીમાં નવી મેડિકલ કોલેજ માટેનો પાયો નખાયો. 2016માં અહીં છ મેડિકલ કોલેજ હતી. પાંચ વર્ષમાં છ નવી મેડિકલ કોલેજો બની.

ગુવાહાટી AIIMSનું કામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. પ્રથમ બેચ શરૂ થઈ ગઈ છે. ચાંગસરીમાં નવી એઇમ્સ બની રહી છે. બે નવી એન્જિનિયરીંગ કોલેજ અને 16 નવી પોલિટેકનિક શરૂ થઈ છે.

ગુવાહાટીમાં SAIના નવા તાલિમ કેન્દ્રનું નામ સ્થાનિક રમતવીરના નામે રાખવામાં આવશે




**ધોરણે 6થી 10ના વર્ગો માટે મોબાઈલ એપ**
આસામે બિસ્વા વિદ્યા આસામ મોબાઈલ એપ લોંચ કરી. સિક્કિમ એજ્યુટેક એપ સિક્કિમની તમામ શાળાઓને કનેક્ટ કરે છે.

- **મણિપુર માર્શલ આર્ટસ 'થાંગ-તા'ને રાષ્ટ્રીય માન્યતા આપવા ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021માં તેનો સમાવેશ કરવામાં આવ્યો.**
- **બજેટ 2021-22માં આદિવાસી વિસ્તારોમાં 750 એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ સ્થાપવાની દરખાસ્ત. આમાંથી, 304 આદિવાસી વિદ્યાર્થીઓ માટે પૂર્વ ભારતમાં સ્થાપવામાં આવશે.**
- **શિક્ષણ મંત્રાલયે પૂર્વોત્તર પ્રદેશમાં જાહેર ખાનગી ભાગીદારીમાં ત્રણ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IIIT) સ્થાપી છે.**

## હેલ્પલાઇન 'ભરોસા'

કોવિડ મહામારી દરમિયાન વિદ્યાર્થીઓની માનસિક સમસ્યા દૂર કરવા સરકારે ઓડિશાની તમામ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ માટે ખાસ હેલ્પલાઇન 'ભરોસા' શરૂ કરી

ઈન્ટરનેટ કનેક્ટિવિટી સુધારવા માટે પૂર્વોત્તરમાં વિશેષ પ્રોજેક્ટ પર કામ ચાલી રહ્યું છે. તેમાં 2218 ગામોમાં 2004 ટાવર લગાવવામાં આવશે. પૂર્વોત્તરના 6,000થી વધુ ગામમાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવી રહી છે.



દર પખવાડિયે કેબિનેટ મંત્રીએ પ્રોજેક્ટ્સના વિકાસની સમીક્ષા કરવા પ્રદેશની મુલાકાત લેવી પડે છે. આનાથી પ્રોજેક્ટ સમયસર પૂરો થવાની ખાતરી થાય છે. વધુમાં, વ્યવસ્થાતંત્ર મજબૂત કરવા અને પૂર્વોત્તરમાં કોઇ પણ સ્કીમ અટકે નહીં તે માટે જોઇન્ટ સેક્રેટરી લેવલના અધિકારીને ચીફ નોડલ ઓફિસર તરીકે અને ડાયરેક્ટર લેવલના અધિકારીને નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવે છે. આ અધિકારીઓએ વારંવાર સાઇટ વિઝિટ કરીને પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવાની હોય છે, અને ખાસ કરીને આકાંક્ષી જીલ્લાઓ પર ફોકસ કરવામાં આવે છે.

પૂર્વોત્તરના રાજ્યોના વિકાસ માટે સરકારે વિશેષ મંત્રાલય (DoNER) ની રચના કરી છે, જે પ્રદેશ આધારિત એક માત્ર મંત્રાલય છે. આ ઉપરાંત અહીંની વિકાસ યોજનાઓ સાથે જોડાયેલા મંત્રાલયોનું પણ એક જૂથ બનાવવામાં આવ્યું છે. આ ક્ષેત્ર માટે ફાળવેલું ભંડોળ નોન-લેપ્સેબલ હોય છે, એટલે કે તેના ઉપયોગની કોઈ સમયમર્યાદા નથી હોતી. આનાથી ઝડપથી માળખાકીય વિકાસ સુનિશ્ચિત થાય છે એટલું જ નહીં, પણ પ્રદેશમાં નવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ / સ્કીમ્સ માટે અંદાજપત્રીય ધિરાણનો પ્રવાહ પણ વધે છે. વળી, 2014થી DoNERની બજેટ ફાળવણી સતત વધી છે. 2019-20માં DoNER મંત્રાલયે 100 ભંડોળનો 100 ટકા ખર્ચ કરીને વિક્રમ સર્જ્યો હતો.

સરકાર પૂર્વોત્તરના લોકોના વ્યક્તિગત વિકાસ માટે પણ પૂરતી તકો આપે છે. રાજધાની નવી દિલ્હીમાં જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી



## કૃષિ અને વનસંવર્ધન

પૂર્વોત્તર રાજ્યોમાં કૃષિ અને વનસંવર્ધન પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સરકારે અનેક નવી યોજનાઓ શરૂ કરી છે

### પૂર્વોત્તરનું કેસર

અત્યાર સુધી કાશ્મીર પૂરતું મર્યાદિત રહેલું કેસર વિસ્તરીને હવે પૂર્વોત્તર સુધી ફેલાયું



કૃષિ ઉડાન સ્કીમ

કૃષિ ઉડાન સ્કીમ કાર્યાન્વિત કરવામાં આવી અને બાગડોગરા, ગુવાહાટી અને અગરતલા એરપોર્ટ્સથી પાઇનેપલ, આદુ, કિવિ જેવી કૃષિ પેદાશો અને ઓર્ગેનિક ચીજોનું પરિવહન શરૂ.

### પ્રથમ સંપૂર્ણ ઓર્ગેનિક રાજ્ય



સિક્કિમ આશરે 75000 હેક્ટર કૃષિ જમીનને સાતત્યપૂર્ણ ખેતીમાં પરિવર્તિત કરીને ભારતનું પ્રથમ સંપૂર્ણ ઓર્ગેનિક રાજ્ય બન્યું છે



**₹1000 કરોડની ફાળવણી**

આસામ અને પશ્ચિમ બંગાળમાં ટી વર્કર્સના કલ્યાણ માટે 2021-22ના સામાન્ય બજેટમાં ફાળવણી

- અરૂણાચલ પ્રદેશની ઝીરો વેલીમાં ઉગતા કિવિ ફળને 'મિશન ઓર્ગેનિક વેલ્યુ ચેઇન ડેવલપમેન્ટ ફોર ધ નોર્થ ઈસ્ટ' દ્વારા ઓક્ટોબર મહિનામાં ઓર્ગેનિક પ્રમાણપત્ર એનાયત
- વાંસની ખેતીનો આશરે 35 ટકા વિસ્તાર પૂર્વોત્તર રાજ્યોમાં આવેલો છે. સરકારે નિયમ બદલીને વાંસને ઝાડને બદલે ઘાસની કેટેગરીમાં સામેલ કર્યું છે જેથી તેની કાપણી અને હેરફેરમાં સરળતા રહે. સરકારે નેશનલ બામ્બુ મિશન હેઠળ નવ રાજ્યોમાં 22 બામ્બુ ક્લસ્ટર્સ લોંચ કર્યા છે.

## કળા, સંસ્કૃતિ, ખાણી-પીણી અને પ્રવાસન




**'આઈકોનિક ટુરિસ્ટ સાઈટ' સ્કીમ હેઠળ વિકસાવવામાં આવનારી 17 સાઈટ્સમાં કાઝીરંગાનો સમાવેશ**

પૂર્વોત્તરના વિદ્યાર્થીઓ માટે રૂ. 27.50 કરોડનાં ખર્ચો હોસ્ટેલ બનાવી રહી છે. આ ઉપરાંત, દિલ્હીના દ્વારકામાં રૂ. 116 કરોડનાં ખર્ચે નોર્થ ઈસ્ટ કન્વેન્શન સેન્ટરનું નિર્માણ થઈ રહ્યું છે. પૂર્વોત્તરના રાજ્યોમાં સર્વસમાવેશી અને સાતત્યપૂર્ણ આર્થિક વૃદ્ધિ આડે આવતા અવરોધ શોધવા માટે ફેબ્રુઆરી 2018મા નીતિ આયોગે પૂર્વોત્તર નીતિ મંચની રચના કરી હતી. નીતિ આયોગ દ્વારા રચિત ભારતનો આ પ્રથમ પ્રાદેશિક મંચ હતો. આ મંચના સંયુક્ત અધ્યક્ષ નીતિ આયોગના વાઇસ ચેરમેન અને DoNER મંત્રી છે. નોર્થ ઈસ્ટર્ન કાઉન્સિલ (NEC) આ મંચના સચિવાલય તરીકે કામ કરે છે. તેમાં તમામ પૂર્વોત્તર રાજ્યો અને સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો / વિભાગોના પ્રતિનિધિઓ સામેલ છે. તેના સભ્યોમાં પ્રતિષ્ઠીત નિષ્ણાંતો અને આઇઆઇટી ગુવાહાટી, આઇઆઇએમ શિલોંગ, NERIST, RIS, અને RFRI જેવી પ્રતિષ્ઠીત સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

### પૂર્વોત્તર બન્યું વિકાસનું એન્જિન

અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, સિક્કિમ અને ત્રિપુરા માત્ર ભારતના પૂર્વોત્તર રાજ્યો જ નથી, દેશની વૃદ્ધિ માટેનાં એન્જિન પણ છે. તેમાં પશ્ચિમ બંગાળને ઉમેરીએ તો, આ રાજ્યો દેશના અન્ય રાજ્યોની સમકક્ષ વિકાસની દિશામાં જઈ રહ્યા છે. આ આઠ રાજ્યો દક્ષિણ પૂર્વ એશિયા અને તેના બજારો માટેનાં પ્રવેશદ્વાર હોવાથી વિશેષ મહત્વ ધરાવે છે. તેઓ બાંગલાદેશ, ભુટાન, મ્યાંમાર, નેપાળ અને ચીન સાથે આંતરરાષ્ટ્રીય સરહદો ધરાવે છે. 2014 પછી 'એક્ટ ઈસ્ટ' નીતિએ દક્ષિણ પૂર્વ એશિયન દેશો સાથે ભારતનું જોડાણ વધારવામાં મદદ કરી છે. આ પ્રદેશમાં વિકાસની ઝડપી ગતિને કારણે 2014થી મ્યાંમાર સાથે ભારતનો વેપાર બમણો થયો છે.




"જે નોર્થ ઈસ્ટને નેતાજીએ ભારતની આઝાદીનો ગેટ-વે ગણાવ્યું હતું, તેને અમે હવે ન્યૂ ઈન્ડિયાની વિકાસ ગાથાનું ગેટ-વે બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ."

- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

વધુ સારી માળખાકીય સેવાઓને કારણે આસામ હવે આત્મનિર્ભર ભારત માટેનું મહત્વનું ચાલક બન્યું છે. આસામના ગામડાંઓમાં 11,000 કિલોમીટરના રોડનું નિર્માણ થયું છે. ભુપેન હઝારિકા સેતુ, બોગીબીલ બ્રિજ કે સારીઘાટ બ્રિજ જેવા અનેક પુલોએ રાજ્યમાં કનેક્ટિવિટી સુધારી છે. તેનાથી  સ્થાનિક લોકોને અવરજવર કરવામાં સરળતા થઈ છે અને ઉદ્યોગોને વેગ મળ્યો છે. પૂર્વોત્તર રાજ્યો ઓર્ગેનિક ફાર્મિંગ ઉપરાંત પર્યટનના હબ તરીકે વિકસી રહ્યા છે. અહીંની સંસ્કૃતિને પણ નવી ઓળખ મળી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું, "મોટી માત્રામાં વન્ય પેદાશો એકત્ર કરતા આદિવાસી ભાઈબહેનોને તેમનાં વિસ્તારમાં જ આધુનિક પ્રોસેસિંગ એકમો ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત વાંસ અને ઓર્ગેનિક પ્રોડક્ટ્સ માટે પણ ક્લસ્ટર ઉપલબ્ધ કરવામાં આવશે." દાયકાઓથી પછાત આ વિસ્તાર મુક્ત થઈ રહ્યો છે અને પૂર્વોદય દ્વારા વિકાસ તરફ કૂચ કરી રહ્યો છે. રાજ્યોના સંકલનમાં સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોને કારણે આ પ્રદેશને આત્મનિર્ભર બનવામાં મદદ મળી છે. આ પ્રદેશે ગુમાવેલી ભવ્યતાને પુનઃસ્થાપિત કરવાથી ન્યૂ ઈન્ડિયાને પણ પ્રોત્સાહન મળશે. ■

હલ્દિયા ખાતે વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણને સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## કેબિનેટના નિર્ણયો

# આત્મનિર્ભર ભારત તરફ પ્રયાણ

### BVFCLને સરકારની મદદથી પૂર્વોત્તર રાજ્યોની વૃધ્ધિ અને વિકાસને વેગ મળશે




**નિર્ણય:** આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આસામની બ્રહ્મપુત્રા વેલી ફર્ટિલાઇઝર કોર્પોરેશન લિમિટેડ (BVFCL)ને તેના યુરિયા ઉત્પાદન એકમોની કામગીરી ચાલુ રાખવા રૂ. 100 કરોડની સહાય મંજૂર કરી છે.

**લાભ:**

- મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઇન્સ્ટ્રુમેન્ટેશન અને કેટાલિસ્ટ આઈટમ્સ વગેરેની ખરીદી દ્વારા પ્લાન્ટ્સની સરળ કામગીરી માટે ઓછામાં ઓછું રિપેરિંગ થશે. આની પાછળ અંદાજિત રૂ. 100 કરોડનો ખર્ચ થશે.
- BVFCL નામરુપમાં તેના બે પ્લાન્ટ ઓપરેટ કરી રહી છે. નામરૂપ-II અને નામરૂપ-III.
- BVFCLને રૂ. 1000 કરોડની ગ્રાન્ટને યુરિયા ઉત્પાદન ક્ષમતા પુનઃ પ્રતિ વર્ષ 3.90 લાખ મેટ્રીક ટન થઈ જશે અને સમગ્ર પૂર્વોત્તર પ્રદેશ, ખાસ કરીને આસામમાં ચા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રને સમયસર યુરિયા ઉપલબ્ધ થશે.
- તેનાથી 580 વર્તમાન કર્મચારીઓની કાયમી નોકરી જળવાઈ રહેશે અને બીજા 1500 કર્મચારીઓને કામચલાઉ ધોરણે નોકરી મળશે.
- આ પ્લાન્ટ્સને કારણે 28,000 લોકોને આડકતરો લાભ થશે.

# બ્રહ્મપુત્રાની બહુમુખી પ્રતિભા

**આસામનું અસીમ સૌંદર્ય અને સંસ્કૃતિ ત્યાંની ચા, હેન્ડીક્રાફ્ટ્સ, સિલ્ક સહિતની ઘણી ચીજોમાં છલકે છે. આ ઉપરાંત, આસામે વિશ્વને ભુપેન હઝારિકા જેવી બહુમુખી પ્રતિભા પણ આપી છે. તેમણે આસામના ચાના બગીચાની સુગંધ અને અરૂણાચલમાં ઉગતા સુરજના કિરણોનો ફેલાવો હિન્દી સંગીતમાં જ નહીં, સમગ્ર ભારતમાં કર્યો હતાં.**



જન્મ : 8 સપ્ટેમ્બર, 1926 મૃત્યુ : 5 નવેમ્બર, 2011

આસામના સાદિયામાં ભુપેન હઝારિકાનો જન્મ થયો હતો. નિલકાંતા અને શાંતિપ્રિયા હઝારિકાને ત્યાં જન્મેલું આ બાળક બાળપણથી જ વિશેષ પ્રતિભા ધરાવતું હતું. માત્ર 10 વર્ષની વયે તેમણે પોતાનું પ્રથમ ગીત રેકોર્ડ કર્યું અને 13 વર્ષની વયે પ્રથમ ગીત લખ્યું. તેમણે બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી પોલિટિકલ સાયન્સમાં બેચલર્સ માસ્ટર્સ ડિગ્રી મેળવી. એ પછી તેમણે ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાંથી માસ કમ્યુનિકેશનમાં પીએચડી કર્યું. કોલંબિયા યુનિવર્સિટીમાં ભણતા હતા તે દરમિયાન તેમના પર સુપ્રસિધ્ધ ગાયક અને નાગરિક અધિકાર ચળવળકર્તા પૌલ રોબેસોનનો બહુ પ્રભાવ પડ્યો. રોબ્સનના 'ઓલ્ડ મેન રિવર' પરથી પ્રેરાઇને તેમણે 'બિસ્તીર્નો પારોરે' (હિન્દીમાં ગુલઝારે તેનો અનુવાદ 'ઓ ગંગા બેહતી હો ક્યું')ની રચના કરી. સિનેમા દ્વારા એજ્યુકેશન પ્રોજેક્ટ ડેવલપમેન્ટનો અભ્યાસ કરવા માટે અમેરિકાની શિકાગો યુનિવર્સિટીએ તેમને લિસ્લે ફેલોશિપ આપી.

હઝારિકા કવિ, સંગીતકાર, ગાયક, કલાકાર, પત્રકાર, લેખક અને ફિલ્મકાર પણ હતા. આ સ્વઘોષિત યાયાવર આસામની લોકકલાના વારસાને પોતાના ગીતો દ્વારા જીવંત કર્યો હતો.

હઝારિકાની વિદ્વતા માત્ર આસામીઝ ભાષા પૂરતી મર્યાદિત નહોતી. તેમણે બાંગલા અને હિન્દી ભાષામાં પણ અનેક ગીતો લખ્યાં. તેમણે હિન્દી ફિલ્મોમાં અનેક ગીતોની સંગીત રચના કરી. પણ તેઓ ફિલ્મ રૂદાલીના ગીત 'દિલ હુમ હુમ કરે..' માટે વધુ જાણીતા છે. આજે પણ આ ગીત સંગીતરસિકોને મંત્રમુગ્ધ કરી દે છે. તેમનાં ગીતો અને રચનાઓને આસામમાં ભુપેન્દ્ર સંગીત તરીકે ઓળખવામાં આવે છે. તેમણે એરા બાટાર સુર, શકુંતલા, પ્રતિધ્વનિ, લોટીઘોટી, મોં પ્રોજાપતિ, સ્વિકારોક્તિ જેવી આસામીઝ ફિલ્મોનું નિર્માણ, દિગ્દર્શન કરવાની સાથે સાથે તેનું સંગીત રચ્યું અને તેમાં ગીતો પણ ગાયા. તેમની પ્રસિધ્ધ હિન્દી ફિલ્મોમાં રૂદાલી, એક પલ, દરમિયાં, દામન, પપિહા, સાઝ અને ગજગામિની વગેરેનો સમાવેશ થાય છે. તેમની અનેક રચનાઓ બેલાડ્સ સ્વરૂપમાં છે. બેલાડ્લ એટલે સાદા અને સરળ શબ્દોવાળા લોકગીત જેમાં વાર્તા હોય છે.

**1975માં હઝારિકાને ફિલ્મ 'ચમેલી મેમસાબ' માટે શ્રેષ્ઠ સંગીતકાર તરીકેનો નેશનલ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. તેમને દાદાસાહેબ ફાળકે એવોર્ડ અને 'ભારત રત્ન'થી પણ નવાજવામાં આવ્યા હતા.**

તેમણે સામાજિક ચેતના જગાડતા અનેક અપ્રતિમ ગીતો લખ્યા અને રચ્યા હતા. ખેડૂતોના ખભા પર મૂકેલી પાલખીમાં બેસીને જતા જમીનદારો દ્વારા શોષણને વાચા આપવા તેમણે 'ડોલા ડોલા' જેવી રચના કરી હતી. તેમણે 1,000થી વધુ ગીતો અને 15 જેટલાં પુસ્તકો લખ્યાં છે. તેમણે બે દાયકા સુધી 'અમર પ્રતિનિધી' અને 'પ્રતિધ્વનિ' જેવા માસિક સામયિકોનું સંપાદન કર્યું હતું. અરૂણાચલ પ્રદેશને આસામ સાથે જોડતાં દેશના સૌથી મોટા પુલને પણ તેમનાં નામ સાથે જોડીને તેમને અંજલી આપવામાં આવી છે. ભૂપેન હઝારિકાને 1992માં દાદા સાહેબ ફાળકે સન્માનથી નવાજવામાં આવ્યા હતા. ■



# આપણે જમીનનો એક ઇંચ ટૂકડો પણ કોઇને નહીં લેવા દઇએઃ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ

**ભારત ક્યારેય કોઈ દેશની જમીન પર અતિક્રમણ નથી કરતું. પણ એ વાતનું ધ્યાન રાખે છે કે તેની સરહદો સલામત રહે અને તેનાં રક્ષણ માટે કંઇ પણ કરી શકે છે. તેનું પરિણામ એ આવ્યું કે નવ મહિના સુધી લડાખના પેંગોગ સરોવરના કિનારે ચાલેલો વિવાદ હવે ઉકેલની દિશામાં છે. 11 ફેબ્રુઆરીએ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ મુદ્દે સંસદમાં નિવેદન આપ્યું હતું.**

મે 2020માં શરૂ થયેલા સરહદ વિવાદના નવ મહિના પછી ભારત અને ચીન વચ્ચે પેંગોંગ સરોવરના ઉત્તર અને દક્ષિણ કાંઠેથી સૈન્યો પાછા ખેંચવા સમજૂતિ થઈ હતી. બંને દેશોના સિનિયર કમાન્ડર્સ વચ્ચે મંત્રણાના નવ તબક્કા યોજાયા હતા. આ સ્થિતિ ઉકેલવા બંને દેશો વચ્ચે રાજદ્વારી મોરચે પણ સમાંતર મંત્રણા ચાલતી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે, ભારતનો વ્યૂહ અને અભિગમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના એ નિર્દેશો પર આધારિત છે કે ભારત પાસેથી કોઇ એક ઇંચ પણ જમીન આંચકી શકે નહીં. તેમણે ખાતરી આપી કે ચીન સાથે આ સમજૂતિ કરીને ભારતે કશું જ ગુમાવ્યું નથી.




**નીચેના મુદ્દે સમજૂતિ સધાઇ:**

- બંને પક્ષો પેંગોંગ સરોવરના ઉત્તર અને દક્ષિણ કાંઠે પીછેહટ કરવા સંમત થયા
- બંને પક્ષો તબક્કાવાર, સુસંકલિત રીતે અગ્રીમ ચોકી પર સૈન્યને પાછા ખેંચશે
- ચીન તેના દળને પેંગોંગ સરોવરની ઉત્તર કાંઠે ફિંગર આઠની પૂર્વ બાજુએ રાખશે
- ભારત તેના દળને ફિંગર ત્રણની પાસે ધાન સિંહ થાપા પોસ્ટ ખાતેની કાયમી પોસ્ટ પર રાખશે
- એપ્રિલ 2020 પછી ઉત્તર અને દક્ષિણ કાંઠે બનેલું કોઈ પણ માળખું તોડી નાખવામાં આવશે અને સ્થિતિ પૂર્વવત કરવામાં આવશે.

**મંત્રણા માટે ત્રણ સિધ્ધાંતોનું પાલન કરાયું**

સંરક્ષણ મંત્રીએ જણાવ્યું કે, ચીને લીધેલાં એક પક્ષીય પગલાંથી સર્જાયેલા પડકારનો ભારતીય સશસ્ત્ર દળોએ આક્રમકતાથી સામનો કર્યો હતો. ભારતે તેના અભિગમમાં ત્રણ સિધ્ધાંતોનું પાલન કર્યું હતું. બંને પક્ષોએ એલએસીનું સન્માન કરવાનું રહેશે, કોઇ પણ પક્ષે 'જૈસે થે' સ્થિતિને એકપક્ષીય રીતે બદલવાની રહેશે નહીં, અને બંને દેશો વચ્ચેની સમજૂતિનું સમગ્રતયા પાલન કરવાનું રહેશે.



# એરો ઈન્ડિયાએ ભારતની મજબૂત સંરક્ષણ ક્ષમતા પ્રદર્શિત કરી

ભારતીય હવાઈ દળ સતત તેની ક્ષમતાઓનું વિસ્તરણ કરી રહી છે. પોતાની તાકાત બતાવવા દ્વિવાર્ષિક એર શો અને એવિએશન એક્ઝિબિશન આયોજિત કરવામાં આવે છે. આ એર શો એશિયાનો સૌથી મોટો અને વિશ્વમાં બીજો મોટો મિલિટ્રી એવિએશન શો બન્યો છે. 3થી 5 ફેબ્રુઆરી દરમિયાન બેંગલુરુમાં યોજવામાં આવેલા એરો ઈન્ડિયા શોમાં વિશ્વને ભારતની તાકાતની પ્રતીતિ થઈ.

એરો ઈન્ડિયાની પ્રથમ આવૃત્તિ 1996માં બેંગુલુરુના યેલહાંરા એર ફોર્સ બેઝ ખાતે યોજાઈ હતી. ત્યારથી આ ઈવેન્ટ દર બે વર્ષે યોજાય છે અને સમયની સાથે સાથે તેને વૈશ્વિક સ્વીકૃતિ પણ મળી છે. જો કે, આ વર્ષનું એક્ઝિબિશન વિશેષ પુરવાર થયું. તેનું કારણ એ છે કે આ એક્ઝિબિશનમાં અત્યાર સુધી વિદેશી કંપનીઓ તેમની ટેકનોલોજી પ્રદર્શિત કરતી હતી અને તેમની ભારતીય ભાગીદાર કંપનીઓ તેમની પ્રોડક્ટ્સ અને ઈક્વિપમેન્ટ્સ રજૂ કરતી હતી. 2021માં એરો ઈન્ડિયાની રજત જયંતિ દરમિયાન, વિશ્વએ યેલાહાંકા એર બેઝ ખાતે વિશ્વએ 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ની તાકાત અને સંભાવના જોઈ. આ વર્ષના એરો ઈન્ડિયા શોની થીમ હતી, 'સલામતી અને સ્થિરતા માટે એરોસ્પેસ તાકાતનો ઉપયોગ'. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, "121 એમઓયુ, 19 ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી, 4 હેન્ડલિંગ ઓવર, 18 પ્રોડક્ટ લોંચીસ  અને 32 મોટી જાહેરાતો એ વાતન સંકેત છે કે એરો ઈન્ડિયા 2021ને ભવ્ય સફળતા મળી છે."

## સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા તરફ ભારતનું પ્રયાણ

ભારત વિશ્વનાં સૌથી મોટાં શસ્ત્ર આયાતકારોમાંનો એક રહ્યો છે. વૈશ્વિક સલામતી અંગે સ્ટોકહોમ સ્થિત સ્વતંત્ર સંસ્થા 'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ' પ્રમાણે 2012-18 દરમિયાન ભારતે વિશ્વમાં સૌથી વધુ મોટાં શસ્ત્રોની આયાત કરી હતી, જે કુલ વૈશ્વિક આયાતમાં 13 ટકા હિસ્સો હતો. પણ ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખતા સરકાર હવે ભારતને સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂકવા માગે છે.

# HALને 83 તેજસ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો


એરો ઈન્ડિયા 2021ના ઉદઘાટન સમારોહમાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટિડ (HAL)ને 83 લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA) તેજસ માટેનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આમાંથી, 73 LCA તેજસ Mk- 1A ફાઈટર વિમાન અને 10 Mk- 1A ટ્રેઈનર વિમાન છે. રૂ. 48,000 કરોડનો આ કોન્ટ્રાક્ટ સ્વદેશી બનાવટના ઉત્પાદકને આપવામાં આવેલો અત્યાર સુધીનો સૌથી મોટો સંરક્ષણ કોન્ટ્રાક્ટ છે. એરો ઈન્ડિયામાં ભાગ લેનારા એમએસએમઈએ રૂ. 203 કરોડનાં ઓર્ડર્સ મળ્યા હતા.

## એરો ઇન્ડિયા 2021: **વિશ્વનો પ્રથમ 'હાઇબ્રિડ' એર શો**

એરો ઈન્ડિયા 2021 અનોખા પ્રકારનો હાઈબ્રિડ શો બન્યો છે. અત્યાર સુધી ભૌતિક હાજરી આપનારા જ એર શોની મજા માણતા હતા, પણ આ વખતે લોકોએ વર્ચ્યુઅલ હાજરી પણ હાજરી આપી હતી. કોવિડ-19નાં નિયંત્રણોને કારણે અનેક લોકો હાજર રહી શક્યા ન હોવાથી આ વ્યવસ્થા મદદરૂપ સાબિત થઈ. આ શોમાં ઓછામાં ઓછી 338 વિદેશી કંપનીઓએ વર્ચ્યુઅલી ભાગ લીધો હતો.

## મેક ઇન ઇન્ડિયા પર ભાર

આત્મનિર્ભર ભારત માટે વડાપ્રધાનની હાકલથી પ્રેરિત થઈને એરો ઈન્ડિયામાં એવું ફ્લાઈટ ફોર્મેશન કર્યું હતું, જેમાં એરોસ્પેસ સેક્ટરમાં ભારતની અત્યાધુનિક ટેકનોલોજી અને ક્ષમતાઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. દર્શકોએ એચએએલની 'આત્મનિર્ભર ફોર્મેશન ફ્લાઈટ'નાં અનોખા ફ્લાઈંગ ડિસ્પ્લેને માણ્યું હતું, જેમાં LCA ટ્રેઈનર, ( LIFT ટ્રેઈનર), HTT-40, IJT,એડવાન્સ્ડ હોક Mk 132 અને સિવિલ Do-228 જેવા વિમાનોએ સ્પેશ્યલ ફોર્મેશન રચ્યું હતું. આ ઉપરાંત, બ્રહ્મોસ મિસાઈલ, સુખોઇ Su-30MKI ફાઈટર્સ, એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર ધ્રુવ, લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર અને લાઈટ યુટિલિટી હેલિકોપ્ટરે પણ આ શોમાં તેની ક્ષમતા દર્શાવી હતી.



## તામિલનાડુ

### ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરઃ

આ માટે ચેન્નાઇ, કોઈમ્બતુર, હોસુર, સાલેમ અને તિરુચિરાપલ્લીની પસંદગી કરવામાં આવી છે



## ઉત્તરપ્રદેશ

### ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરઃ

આ કોરિડોરમાં લખનૌ, કાનપુર, ઝાંસી, આગ્રા, અલીગઢ, ચિત્રકુટને સાંકળવામાં આવ્યા છે. આ શહેરો બુંદેલખંડ પ્રદેશના છે.

## આ કોરિડોરનું મહત્વઃ

ભારત સંરક્ષણ માટેના ઉપકરણો અને શસ્ત્રોનું ઉત્પાદન વધારવા પર કામ કરી રહ્યું છે, સાથે સાથે નિકાસ માટે પણ ઉદ્યોગ વિકસાવવા માગે છે. આ કોરિડોરથી તેમાં મદદ મળશે. તેનાથી વૈશ્વિક બજાર માટે પૂરતી સપ્લાય ચેઇન સ્થાપવામાં પણ મદદ મળશે. આ બંને કોરિડોર સ્વદેશી ઉત્પાદનને વેગ આપશે અને એ રીતે આયાત પરનું અવલંબન ઘટશે અને નિકાસને પ્રોત્સાહન મળશે.

## ઉત્પાદનની સંભાવના

ભારત 2025 સુધીમાં 25 અબજ ડોલરનું સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન કરવાનું લક્ષ્ય ધરાવે છે. આ બંને કોરિડોર સંરક્ષણ ઉત્પાદન વધારવામાં મદદ કરીને આ લક્ષ્ય હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આને કારણે ભારતને ભવિષ્યમાં સ્વદેશી શસ્ત્રોનું ઉત્પાદક અને નિકાસકાર બનવાના બેવડા લક્ષ્ય હાંસલ કરવામાં મદદ મળશે. ■



# વન્ય જીવનની સંભાળ ભારતની સલામતી

20મી સદીના અંતે એક શિંગડાવાળા ગેંડાની સંખ્યા 200થી પણ ઘટી ગઈ હતી અને આ પ્રાણી વિલુપ્ત થવાના આરે પહોંચી ગયું હતું. જો કે, સરકારના સમયસરના પ્રયાસો અને ગેંડાના રક્ષણ માટે કડક પગલાં અને દેખરેખને કારણે દેશમાં એક શિંગડાવાળા ગેંડાની વસતિ વધી છે. હાલમાં આ પ્રજાતિની કુલ વસતિની આશરે 75 ટકા વસતિ ભારતમાં છે. ચિત્તા, સિંહ અને વાઘ સહિતના અનેક પ્રાણીઓની સંખ્યા પણ વધી છે.

પ્રાણીઓ પ્રત્યેનું સન્માન ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ રહ્યું છે. વિશ્વનો 2.4 ટકા ભૌગોલિક હિસ્સો ધરાવતા ભારતનું જૈવ વિવિધ્યમાં યોગદાન આઠ ટકા છે. સાતત્યપૂર્ણ વિકાસ માટે પણ પ્રાણીઓ મહત્વનાં છે. જો કે વિવિધ કારણોસર અનેક પ્રાણીઓ લુપ્ત થવાનો સામનો કરી રહ્યા છે. કરૂણા અને સહ અસ્તિત્વના સિદ્ધાંતની સાથે આપણા વેદોમાં પણ વન્ય જીવોના સંરક્ષણની વાત કરવામાં આવી છે. સરકારે સંગઠિત પ્રયાસો કર્યા છે અને આવા વિલુપ્ત થઈ રહેલા પ્રાણીઓને બચાવવા માટે અનેક કાર્યક્રમો શરૂ કર્યા છે. આ સંરક્ષણ કાર્યક્રમાં 22 વન્યજીવોને સામેલ કરવામાં આવ્યા છે.

આને પરિણામે ચિત્તા, સિંહ અને વાઘની સંખ્યામાં વધારો થયો છે. 3 માર્ચે વિશ્વ વન્યજીવન દિવસ મનાવવામાં આવે છે. ભારતમાં વન્યજીવનની બદલાતી તસવીર પર એક નજરઃ



## ચિત્તા

**કુલ સંખ્યા**

**12,852**

**ડિસેમ્બર 2020નાં રોજ**

## ચિત્તાની વસતિમાં 60 ટકા વધારો

- 2014માં અંદાજિત સંખ્યા 7910
- મધ્યપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં અંદાજ પ્રમાણે મહત્તમ ચિત્તા અનુક્રમે 3421, 1783 અને 1690

## સિંહ

- 2015 દરમિયાન 27 ટકાની સરખામણીમાં 28.87 ટકાનો વધારો
- સિંહોનો ફેલાવો 2015માં 22,000 ચો કિમી હતો, જે 2020માં 30,000 કિમી થયો. આ 36 ટકા વધારો સૂચવે છે
- સરકારે 2018માં એશિયાટિક લાયન કન્વર્ઝેશન પ્રોજેક્ટ શરૂ કર્યો

**કુલ સંખ્યા**

**674**

**2020ના વસતિ અંદાજ સર્વે પ્રમાણે**



"ભારતમાં વાઘની વૈશ્વિક વસતિના 70 ટકા, એશિયન સિંહોની વસતિના 70 ટકા અને ચિત્તાની વસતિના 60 ટકા છે, જે એ વાતનું પ્રમાણ છે કે ભારતમાં જીવ વૈવિધ્ય ધબકી રહ્યું છે, કારણ કે મોટી બિલાડીની શ્રેણીમાં આવતા પ્રાણીઓ ફુડ ચેઇનમાં અગ્રેસર હોય છે અને તેની વધી રહેલી સંખ્યા સમગ્ર ઇકોસિસ્ટમ વ્યવસ્થિત હોવાનું પ્રમાણ છે."

**- પ્રકાશ જાવડેકર**
પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી



## વાઘ



**વાઘની સંખ્યામાં 33 ટકા વધારો**

- 2018નાં અંદાજ પ્રમાણે ભારતમાં વાઘની સંખ્યા વધીને 2967 થઈ હતી
- મધ્યપ્રદેશમાં સૌથી વધુ 526 વાઘ હતા, એ પછી કર્ણાટકમાં 524 અને ઉત્તરાખંડ 442 વાઘ સાથે ત્રીજા ક્રમે હતું.
- ભારતે વાઘની વસતિ બમણી કરવાના સેન્ટ પિટર્સબર્ગ ડેક્લરેશનનું પાલન 2022ની સમયમર્યાદા પહેલાં જ કર્યું
- ભારતે 2018માં કરેલી વાઘની વસતિ ગણતરીએ વિશ્વનો સૌથી મોટો કેમેરા ટ્રેપ વાઇલ્ડલાઇફ સર્વેનો નવો ગિનીઝ બુક રેકોર્ડ સર્જ્યો હતો.
- ભારતમાં હવે વાઘની વિશ્વની કુલ વસતિનો 70 ટકા હિસ્સો છે.

### માનવ-વન્યજીવ સંઘર્ષ

**નેશનલ બોર્ડ ઓફ વાઇલ્ડલાઇફની સ્થાયી સમિતિએ 5 જાન્યુઆરીનાં રોજ દેશમાં માનવ-વન્યજીવ સંઘર્ષને નાબૂદ કરવા પરામર્શ કરવા મંજૂરી આપી છે. પરામર્શમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે સૂચનો આપવામાં આવ્યા છે જેનાથી માનવ-વન્યજીવો વચ્ચે સંઘર્ષના બનાવ ઓછા થશે.**

## 22 સંકટગ્રસ્ત પ્રજાતિઓનો સંરક્ષણ કાર્યક્રમ

વિલુપ્ત થઈ રહેલા પ્રાણીઓનું રક્ષણ કરવા માટે સરકાર સંરક્ષણ કાર્યક્રમ ચલાવી રહી છે. જાન્યુઆરીમાં મધ્યમ કદની જંગલી બિલાડી Caracalને લુપ્તપ્રાય પ્રજાતિની યાદીમાં જોડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હાલમાં 22 પ્રજાતિને સામેલ કરવામાં આવી છે. તેમાં હિમ ચિત્તો, સારસ (ફ્લોરિન્કસ સહિત), ડોલ્ફિન, હંગુલ, નીલગિરી તહર, દરિયાઈ કાચબો, ડુગોંગ, સ્વિફ્ટલેટ પક્ષી, એશિયન જંગલી ભેંસ, નિકોબારી જંગલી મરઘો, મણિપુર મૃગ, ગીધ, મલાબાર સિવેટ, એક શિંગડાવાળો ગેંડો, એશિયન સિંહ, સ્વેમ્પ ડિયર (બાર શિંગડાવાળું હરણ), જેરડોન્સ કરસર, નધર્ન રિવર ટેરાપિન (કાચબાની પ્રજાતિ), અરબી સમુદ્રની હમ્પબેક વ્હેલ અને લાલ પાંડાનો સમાવેશ થાય છે.

સરકાર શ્રેષ્ઠ સંચાલન ધરાવતા સંરક્ષિત વિસ્તારોને રેન્ક આપીને એવોર્ડ આપશે

2021થી પર્યાવરણ, વન અને આબોહવા મંત્રાલય દેશમાં 10 શ્રેષ્ઠ નેશનલ પાર્ક, પાંચ કોસ્ટલ અને મરિન પાર્ક અને પાંચ પ્રાણી સંગ્રહાલયને રેન્ક અને એવોર્ડ આપશે. મંત્રાલયે દેશમાં 146 નેશનલ પાર્ક અને વન્યજીવ અભ્યારણ્યોનાં સંચાલનની અસરકારકતાનું મૂલ્યાંકન (MEE) પણ જારી કર્યું હતું.

**સંરક્ષિત વિસ્તારોમાં વધારો**

દેશમાં વન વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે. સંરક્ષિત વિસ્તારમાં પણ વધારો થયો છે. 2014માં 692 સંરક્ષિત વિસ્તારો હતા, જે 2019માં વધીને 860 થયા હતા, 'કમ્યુનિટી રિઝર્વ'ની સંખ્યા પણ 2014માં 43થી વધીને 2019માં 100 ઉપરાંત થઈ હતી.

# વન્યજીવન સંરક્ષણ માટેની અન્ય પહેલ

**ઈન્ડિયન રહાઈનો વિઝન (IRV) 2020 પ્રોગ્રામ:** આ કાયક્રમ દ્વારા ગેંડાની વર્તમાન વસતિનું રક્ષણ કરવા અને તેની સંખ્યા વધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. હાલમાં, એક શિંગડાવાળા ગેંડાની કુલ વસતિના 75 ટકા ગેંડા આસામ, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળે છે.

**પ્રોજેક્ટ ડોલ્ફિન:** નદી અને સમુદ્રી એમ બંને પ્રકારની ડોલ્ફિનને બચાવવા 2020માં આ પ્રોજેક્ટ જાહેર કરવામાં આવ્યો હતો. સરકારે ડોલ્ફિનને ;નેશનલ એક્વાટિક એનિમલ' જાહેર કરી હતી. નદી ડોલ્ફિન પર કરવામાં આવેલા અભ્યાસ પ્રમાણે ગંગા અને બ્રહ્મપુત્રા નદીઓના મુખ્ય પ્રવાહમાં ડોલ્ફિનની વસતિ સ્થિર હતી, પણ તેની પ્રશાખા નદીઓમાં ઘટી હતી. નદી ડોલ્ફિન માટેનાં કન્ઝર્વેશન એક્શન પ્લાન હેઠળ ગંગા નદીમાં જોવા મળતી ડોલ્ફિનના વસવાટના સ્થળોને સંરક્ષિત વિસ્તારો જાહેર કરવામાં આવ્યા છે.



**નેશનલ મરિન ટર્ટલ એક્શન પ્લાન:** ભારતમાં દરિયાઇ કાચબાનાં સંરક્ષણ હેતુથી સરકારે જાન્યુઆરીમાં નેશનલ મરિન ટર્ટલ એક્શન પ્લાન જાહેર કર્યો હતો. તેની પાછળનો હેતુ સંગઠિત વ્યવસ્થાતંત્ર દ્વારા દરિયાઇ કાચબા અને સંબંધિત પ્રજાતિઓ માટે ટકાઉ અને તંદુરસ્ત દરિયાઇ વાતાવરણ ઊભું કરવાનો છે.

**પ્રોજેક્ટ સ્નો લેપર્ડ:** ભારત હિમ ચિત્તો અને તેનાં રહેણાંક સ્થાનોનું જતન કરતું રહ્યું છે. ભારત 2013થી ગ્લોબલ સ્નો લેપર્ડ એન્ડ ઇકોસિસ્ટમ પ્રોટેક્શન (GSLEP)નું સભ્ય છે. આ અંતર્ગત ત્રણ મોટા ખંડોની ઓળખ કરવામાં આવી છે. લડાખ, હિમાચલ પ્રદેશમાં સ્પિતી, ઉત્તરાખંડમાં નંદાદેવી-ગંગોત્રી અને સિક્કીમ, અરૂણાચલ પ્રદેશમાં કાંચનજંઘા-તવાંગ. હિમાલયના ઊંચા શિખરો પર રહેતા હિમ ચિત્તાને મુખ્ય પ્રજાતિ તરીકે ઓળખી કાઢવામાં આવી છે.

**પ્રોજેક્ટ એલિફન્ટ:** પ્રોજેક્ટ એલિફન્ટ દ્વારા 2017ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં સૌથી મોટી સંખ્યામાં જંગલી એશિયન હાથી છે, જેની સંખ્યા 29964 છે. વિશ્વમાં એશિયન હાથીની વસતિનો 60 ટકા હિસ્સો ભારતમાં છે. ભારતમાં આશરે 2700 હાથી જંગલ સિવાયના વિસ્તારોમાં છે. સરકારે ભારતીય હાથીને નેશનલ હેરિટેજ એનિમલ જાહેર કર્યું છે.

**વલ્ચર કન્ઝર્વેશન 2020-25 માટે એક્શન પ્લાન:** ભારતના જંગલોમાં ગીધની નવ પ્રજાતિ જોવા મળે છે. આમાંથી ત્રણ પ્રજાતિ સફેદ પીઠ ધરાવતા, લાંબી ચાંચ ધરાવતા અને પાતળી ચાંચ ધરાવતા ગીધની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. ગીધની આ ત્રણ પ્રજાતિને IUCN, વર્લ્ડ કન્ઝર્વેશન યુનિયને વર્ષ 2000માં 'ઝડપથી લુપ્તપ્રાય શ્રેણી'માં મૂકી હતી. ■

# વેક્સિન મૈત્રી: વિશ્વને ભારતની ભેટ

**મૈત્રી અને નેતાગીરીની સાચી પરિક્ષા મુશ્કેલની સમયમાં થાય છે. ભારતે કોરોના મહામારી સામે વ્યૂહાત્મક લડાઈ લડીને સકારાત્મક પરિણામો મેળવ્યા. ભારતે તેની સ્વદેશી રસી દ્વારા 20થી વધુ દેશોની મદદ કરીને મિત્રતા નિભાવી.**

કોરોના મહામારીના પ્રારંભમાં એવી વ્યાપક ચિંતા હતી કે જો ભારત આ સ્થિતિને સારી રીતે નહિં સંભાળી શકે તો માત્ર ભારત જ નહીં, સમગ્ર માનવજાત માટે કટોકટી સર્જાશે. કરોડો લોકો બિમાર પડશે, લાખો લોકોનાં મોત થશે એવી દહેશત હતી. આ અજાણ્યો દુશ્મન શું કરી શકે તેનો કોઈને અંદાજ નહતો. આ ચેપનો સામનો કઈ રીતે કરવો અને દેશના નાગરિકોને બચાવવા તેનો કોઈ પ્રોટોકોલ નહોતો. પણ કડક નિર્ણયો, યોગ્ય વિચારો અને તૈયારીના જોરે ભારત એમ કરવામાં સફળ રહ્યું. અને આજે, તે વિશ્વના 100થી વધુ દેશો માટે આશાનાં કિરણ તરીકે ઊભર્યું છે.

તાજેતરમાં રાજ્યસભામાં બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, "આજે કોરોનાએ ભારતને વિશ્વ સાથેના તેના સંબંધોમાં નવો અર્થ આપ્યો છે. પ્રારંભમાં જ્યારે કોઈને ખબર નહોતી કે કઈ દવા કામ કરશે અને કોઈ રસી નહોતી, ત્યારે વિશ્વનું ધ્યાન ભારતની દવાઓ પ્રત્યે આકર્ષાયું હતું. ભારત વિશ્વનાં ફાર્મસી હબ તરીકે ઊભરી આવ્યું. ભારતે આ ગાળામાં 150 દેશોને દવાઓ પૂરી પાડી. માનવજાતનું રક્ષણ કરવામાં આપણે પાછળ નથી રહ્યા. એટલું જ નહીં, આજે વિશ્વ ગર્વભેર કહે છે કે તેને ભારતની રસી મળી છે."

### ભારતમાં વિશ્વની સૌથી મોટી રસીકરણ ઝૂંબેશ

જે ઝડપથી ભારતમાં કોરોના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે તેના પરથી એમ કહી શકાય કે દેશે મહામારીને પાછળ છોડી દીધી છે. હાલમાં, ભારતમાં વિશ્વની સૌથી મોટી રસીકરણ ઝૂંબેશ ચાલી રહી છે. 19 ફેબ્રુઆરી, 2021ની સ્થિતિએ કુલ એક કરોડ લોકોને કોવિડ-19ની રસી અપાઈ ચૂકી હતી. ભારતમાં પ્રતિ 10 લાખે સક્રિય કેસોની સંખ્યા 104 છે, જે સૌથી નીચી છે. દેશનો રિકવરી રેટ 97.27 ટકા છે. આમ રિકવરીમાં પણ ભારત વિશ્વમાં સૌથી ઊંચો રેટ ધરાવતા દેશોમાં છે.




### દવાઇ ભી, કડાઇ ભી

19 ફેબ્રુઆરી 2020 સુધીના આંકડા

| | |
|---|---|
| **1,01,88,007** કુલ રસી અપાઈ | **20.94** કરોડ ટેસ્ટ કરાયાં |

| | | |
|---|---|---|
| **1,39,542** સક્રિય કેસો | **1,06,67,741** રિકવર કેસો | **97.30** ટકા રિકવરી રેટ |

**મૃત્યુદર (1.42 ટકા), કુલ મૃત્યુ-1,56,111**


### આરોગ્ય સેતુ એપ રસીકરણની માહિતી આપશે

આરોગ્ય સેતુ એપ વિશ્વમાં આરોગ્ય ક્ષેત્રમાં સૌથી વધુ વાર ડાઉનલોડ થયેલી એપ છે. તેને હવે કો-વિન ડેટાબેઝ સાથે લિન્ક કરવામાં આવી છે. આને કારણે એપના યુઝર હવે દેશમાં ચાલી રહેલા રસીકરણ અંગેની માહિતી મેળવી શકે છે. આ ઉપરાંત, તેઓ આ એપ દ્વારા રસીકરણનું પ્રમાણપત્ર પણ મેળવી શકે છે.




### વિશ્વ તરફ મિત્રતાનો હાથ લંબાવ્યો

નેપાળ, બાંગલાદેશ, ભુટાન, માલ્દિવ્સ, સેશેલ્સ, મ્યાંમાર અને મોરેશિયસ બાદ મેડ ઇન ઇન્ડિયા રસી હવે બાર્બાડોઝ અને ડોમિનિકાને પણ મોકલવામાં આવી છે. આ રસી બ્રાઝિલ, સાઉદી અરેબિયા, સાઉથ આફ્રિકા અને મોરોક્કોમાં પણ મોકલવામાં આવશે. અત્યાર સુધી 20 દેશોને 2.29 કરોડ ડોઝ મોકલી દેવામાં આવ્યા છે. ■



# સ્વસ્થ ભારત તરફ

**તંદુરસ્ત નાગરિકો દેશની વૃધ્ધિ માટે સાચા અર્થમાં સંપત્તિ સમાન છે. વિશ્વ જ્યારે મહામારી સામે લડતું હોય ત્યારે જનતાનું આરોગ્ય વધારે મહત્વનું બની જાય છે. આરોગ્યનું મહત્વ જોતાં, 2021-22નું બજેટ દૂરંદેશીભર્યું અને ક્રાંતિકારી છે. આરોગ્ય ક્ષેત્ર માટે 137 ટકાનો વધારો સ્વાસ્થ્ય અને સુખાકારી માટે સરકારની પ્રતિબધ્ધતા દર્શાવે છે.**

લોકોના આરોગ્યમાં રોકાણ માટે સરકાર પાસે વિઝન અને હિંમત હોવાં જરૂરી છે. 2021-22ના બજેટમાં અગાઉના બજેટની સરખામણીમાં આરોગ્ય અને સુખાકારી પાછળની ફાળવણીમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. બજેટમાં આરોગ્ય અને સુખાકારીને છ મૂળભુત સ્તંભોમાં સ્થાન આપવામાં આવ્યું છે. 2020-21માં આરોગ્ય ક્ષેત્ર માટે કુલ ફાળવણી 94,452 કરોડ હતી, જે 2021-22માં વધારીને રૂ. 2,23,846 કરોડ કરવામાં આવી છે.

આરોગ્ય અને સુખાકારી માટે બજેટ ફાળવણીમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી સતત વધારો થઈ રહ્યો હોવાનું જણાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 2014થી કેટલીક પ્રજાલક્ષી યોજનાઓ શરૂ કરવામાં આવી છે અને તેણે સર્વગ્રાહી આરોગ્ય અને સુખાકારી માટે સરકારની ઇચ્છા અને પ્રતિબધ્ધતા સ્થાપી છે. મજબૂત અંદાજપત્રીય સહાય, અનોખી યોજનાઓ, હેલ્થ રિસર્ચ અને હેલ્થકેર ડિલિવરીની મજબૂત સિસ્ટમની મદદથી ભારત જાહેર આરોગ્યમાં વૈશ્વિક અગ્રણી બનશે અને અન્ય દેશો માટે અનુકરણીય દ્રષ્ટાંત ઊભું કરશે.

## નવું શું છે?

કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત નવી જાહેર થયેલી પીએમ આત્મનિર્ભર સ્વસ્થ ભારત યોજનામાં છ વર્ષ માટે રૂ. 64,180 કરોડની ફાળવણી કરવામાં આવી હોવાથી પ્રાઇમરી, સેકન્ડરી અને ટેરિટરી કેર માટે ક્ષમતા વિકસાવી શકાશે, ડિલિવરી હેલ્થ કેર સિસ્ટમ્સ મજબૂત કરી શકાશે, નવા અને ઊભરતા રોગોની અટકાયત અને સારવાર માટે સંસ્થાઓ વિકસાવી શકાશે અને નેશનલ હેલ્થ મિશન મજબૂત કરી શકાશે. પ્રધાનમંત્રી આત્મનિર્ભર સ્વાસ્થ્ય ભારત યોજના ભારતના જાહેર આરોગ્ય માળખાને પ્રચંડ વેગ આપશે. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલની પ્રાદેશિક શાખાઓ વધીને પાંચ થશે અને મેટ્રોપોલિટન હેલ્થ સર્વેલન્સ યુનિટ્સની સંખ્યા 20 થશે. તમામ પબ્લિક હેલ્થ લેબોરેટરીઝને જોડવા ઇન્ટીગ્રેટેડ હેલ્થ ઇન્ફોર્મેશન પોર્ટલનાં વિસ્તરણની સાથે સાથે 17 નવા જાહેર આરોગ્ય એકમો પણ કાર્યાન્વિત થશે..

**સ્કીમ્સના મુખ્સ પાસા આ પ્રમાણે છેઃ**

- 17,788 ગ્રામીણ અને 11,024 અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર્સ
- 11 રાજ્યોમાં તમામ જીલ્લા અને 3382 બ્લોક પબ્લિક હેલ્થ યુનિટ્સમાં ઇન્ટીગ્રેટેડ પબ્લિક હેલ્થ લેબ સ્થાપવી
- 612 જીલ્લા અને 12 કેન્દ્રીય સંસ્થાઓમાં ક્રિટિકલ કેર હોસ્પિટલ સ્થાપવી
- નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કન્ટ્રોલને મજબૂત બનાવવું

| મંત્રાલય / વિભાગ | વાસ્તવિક 2019-20 (રૂ. કરોડમાં) | બજેટ અંદાજ 2020-21 (રૂ. કરોડમાં) | બજેટ અંદાજ 2021-22 (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 62,397 | 65,012 | 71,269 |
| હેલ્થ રિસર્ચ વિભાગ | 1,934 | 2,100 | 2,663 |
| આયુષ મંત્રાલય | 1,784 | 2,122 | 2,970 |
| કોવિડ સંબંધિત વિશેષ જોગવાઈઓ | | | |
| રસીકરણ | | | 35,000 |
| પીવાનું પાણી અને સ્વચ્છતા વિભાગ | 18,264 | 21,518 | 60,030 |
| પોષણ | 1,880 | 3,700 | 2,700 |
| પાણી અને સફાઇ માટે નાણાં પંચની ગ્રાન્ટ | | | 36,022 |
| આરોગ્ય માટે નાણાં પંચની ગ્રાન્ટ | | | 13,192 |
| કુલ | 86,259 | 94,452 | 2,23,846 |



> કોઇ પણ દેશની મજબૂત અને લચીલી હેલ્થ સિસ્ટમ પ્રાઇમરી, સેકન્ડરી અને ટેરિટરી આરોગ્ય માળખાં પર બનેલી હોય છે, જેમાં રોગનું નિદાન અને સારવાર કરતી મજબૂત સંસ્થાઓની સાથે સાથે આરએન્ડડી સંસ્થાઓનો પણ સહયોગ હોય છે, જે નીતિઓ અને પગલાં લેવા માટે વિશ્વકક્ષાનાં અત્યાધુનિક રિસર્ચ આધારિત પુરાવા પૂરા પાડે છે.

**- ડો. હર્ષવર્ધન, કેન્દ્રીય આરોગ્ય મંત્રી**

## ભારતે કઇ રીતે કોવિડ-19 સામે કામ લીધું

ભારતે કોરોના વાઇરસ સામેની લડાઈમાં અને રસી બનાવવામાં ખુદને વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાપિત કર્યુ છે. 15 ફેબ્રુઆરીની સ્થિતિએ ભારતે કુલ 20.67 કરોડ ટેસ્ટિંગ કર્યા હતા. આમાંથી 1.09 કરોડ લોકો કોરોનાગ્રસ્ત હતા. 1.06 કરોડ લોકો સાજા થઈ ગયા છે. ભારત હવે કોવિડ-19 નિદાન સંબંધિત ચીજોના ઉત્પાદનમાં આત્મનિર્ભર છે અને વધારાના જથ્થાની નિકાસ પણ કરે છે.

**કોરોના વાઇરસની રસી માટે રૂ. 35,000 કરોડઃ** બજેટમાં રૂ. 35,000 કરોડની ફાળવણીથી કોવિડ-19 સામેની લડાઈ મજબૂત બની છે. રસીની ઉત્પાદન ક્ષમતા અને રસીકરણની ઝડપ મજબૂત ભારતીય નેતાગીરીનો પુરાવો છે. 15 ફેબ્રુઆરી સુધી આશરે 87 લાખ લોકોને રસી આપવામાં આવી હતી.

**વધુ 20 રસી ઉત્પાદનના તબક્કામાઃ** ભારત ઓછામાં ઓછી 18થી 20 રસી પર કામ કરી રહ્યું છે, જે ઉત્પાદનના વિવિધ તબક્કમાં છે. કેટલીક રસી પ્રી-ક્લિનિકલ ટ્રાયલ તબક્કામાં છે, કેટલીક ક્લિનિકલ ટ્રાયલ તબક્કામાં છે, જ્યારે બાકીની પ્રથમ, બીજા અને ત્રીજા તબક્કામાં છે. ત્રીજા તબક્કાની રસી આગામી કેટલાંક મહિનાઓમાં લોકોને રસી આપવા માટે ઉપયોગમાં લઈ શકાશે. ભારત ઘણા દેશોમાં રસીની નિકાસ કરી રહ્યું છે. ■

# ભારત તેના સાચા સપૂતોની કદર કરી રહ્યું છે




ભારત આઝાદીનું 75મું વર્ષ મનાવવા જઈ રહ્યું છે ત્યારે સરકાર માને છે કે આઝાદીમાં મોટો ફાળો ભજવનારા સેનાનીઓને યાદ કરવા ખૂબ જરૂરી છે. મહારાજ સુહેલદેવ આવી જ એક પ્રતિભા છે, જેમને રાષ્ટ્રએ 16 ફેબ્રુઆરીએ યાદ કર્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપ્રદેશના બહેરાઇચ જીલ્લામાં મહારાજા સુહેલદેવ સ્મારક અને ચિત્તૌરા સરોવર ખાતે પર્યટક સુવિધાનું શિલારોપણ કર્યું.

> "ભારતીયપણાના બચાવવા માટે મહારાજા સુહેલદેવના પ્રદાનની અવગણના કરવામાં આવી છે. પાઠ્યપુસ્તકોમાં તેમની અવગણના થઈ હોવા છતાં અવધ, તરાઇ અને પૂર્વાંચલમાં લોકકથા અને કહાનીઓ દ્વારા લોકોના હૃદયમાં જીવિત છે.
>
> **- નરેન્દ્ર મોદી,**
> **વડાપ્રધાન**

કોઈ પણ સંસ્કૃતિ અને દેશ માટે માતૃભૂમિ માટે સર્વસ્વ ત્યાગ કરનારા લોકોને યાદ રાખવા આપણું કર્તવ્ય છે. ભારતના આવા જ એક સપૂત મહારાજા સુહેલદેવને યાદ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે ભારત તેની આઝાદીનું 75મું વર્ષ મનાવવા જઈ રહ્યું છે ત્યારે મહારાજા સુહેલદેવ જેવા લોકોનું પ્રદાન વધુ મહત્વનું બની રહે છે. મહારાજા સુહેલદેવ શ્રાવસ્તીના રાજા હતા જેઓ તેમનાં શૌર્ય માટે જાણીતા હતા. 11મી સદીમાં ચિત્તૌરાના યુધ્ધમાં તેમણે મહમ્મદ ગઝનીના ભત્રીજા ગાઝી સઇદ સલાર મસુદની હત્યા કરી હતી. વડાપ્રધાને જણાવ્યું કે, ભારત અને ભારતીયપણા માટે પોતાનું સર્વસ્વ ત્યાગ કરનારા વીરોને ઈતિહાસના પાઠ્યપુસ્તકોમાં પૂરતો ન્યાય નથી કરવામાં આવ્યો. ભારતનો ઈતિહાસ ઘડનારા આવા શુરવીરો સાથે અન્યાય થયો હતો, જેને આ સરકાર દ્વારા ન્યાય આપવામાં આવી રહ્યો છે.

16 ફેબ્રુઆરીનાં રોજ સુહેલદેવની જન્મતિથીએ વડાપ્રધાને બહેરાઇચ જીલ્લામાં મહારાજા સુહેલદેવ સ્મારક અને ચિત્તૌરા લેકનું શિલારોપણ કર્યુ

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# આત્મનિર્ભરતા માટેનું પરિવર્તન તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ છે



ભારત આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે આઝાદીની લડાઈમાં સીમાચિહ્ન સમાન ઘટના ચૌરી ચૌરા ઘટનાનો શતાબ્દિ સમારોહ પણ ઉજવી રહ્યું છે. શતાબ્દિ સમારોહની ઉજવણીને સ્થાનિક કળા, સંસ્કૃતિ અને આત્મનિર્ભરતા સાથે જોડવાના પ્રયાસ છે. સ્વાતંત્ય સેનાનીઓને આપણી આ સાચી શ્રધ્ધાંજલિ હશે.

આઝાદીની લડાઈમાં જન ભાગીદારીની ભૂમિકા મહત્વની રહી છે. આઝાદી માટે ભારતના સંઘર્ષમમાં અનેક એવી ઘટનાઓ બની જેણે મહત્વની ભૂમિકા ભજવી. આવી જ એક ઘટના 4 ફેબ્રુઆરી, 1921નાં રોજ ચૌરી ચૌરામાં બની. આજથી 100 વર્ષ પહેલાંની આ ઘટનામાં લોકોએ પોલિસ સ્ટેશન ફૂંકી મારીને બ્રિટિશ શાસનને પડકાર્યું હતું. આ ઘટનાએ દેશની આઝાદીની લડાઈને નવી દિશા આપી. ચૌરી ચૌરાના આ ઐતિહાસિક સંઘર્ષને સરકારે યાદ કર્યો. 4 ફેબ્રુઆરીનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૌરી ચૌરા શતાબ્દી મહોત્સવનું ઉદઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે ટપાલ ટિકિટ પણ બહાર પાડી.

ભારતીયોની સામૂહિક તાકાતને લીધે જ ગુલામીની સાંકળો તૂટી હતી. આત્મનિર્ભર ભારત ઝૂંબેશનો આધાર પણ એ જ સામૂહિક તાકાત છે. વડાપ્રધાને જણાવ્યું કે, “આપણે એ નિર્ધાર પણ કરવો પડશે કે દેશની એકતા અને દેશ માટેનું માન આપણા માટે સૌથી મહત્વના છે. આ ભાવના સાથે આપણે દરેક સામાન્ય માણસની સાથે આગળ વધવું પડશે.”

## વડાપ્રધાનના ભાષણના મુખ્ય મુદ્દાઃ

- 100 વર્ષ પહેલાં ચૌરી ચૌરામાં જે થયું તે માત્ર પોલિસ સ્ટેશનને આગ ચાંપવાની ઘટના નહોતી. ચૌરી ચૌરાનો સંદેશો ઘણો મોટો હતો. આગ માત્ર પોલિસ સ્ટેશનમાં નહોતી લાગી. આગ દરેક વ્યક્તિના મનમાં લાગી હતી. આ દેશના સામાન્ય નાગરિકની સ્વયંભુ લડાઈ હતી.
- ચૌરી ચૌરા ભારતીય સ્વાતંત્ય સંગ્રામમાં વિશેષ સ્થાન ધરાવે છે કારણ કે એવું જવલ્લે જ બને છે જેમાં કોઈ એક ઘટના માટે 19 સ્વાતંત્ય સેનાનીઓને ફાંસીએ લટકાવી દીધા હોય.
- 4 ફેબ્રુઆરી 2021થી એક વર્ષ દરમિયાન કાર્યક્રમો ચાલુ રહેશે.
- આપણે બાબા રાઘવદાસ અને મહામના મદનમોહન માલવિયાને પણ યાદ કરવા જોઇએ જેમના પ્રયાસોને કારણે 150 સ્વાતંત્ય સેનાનીઓને ફાંસીએ ચડતા બચાવી શકાયા.
- ખેડૂતોની પ્રગતિ માટે છેલ્લાં છ વર્ષમાં સતત પ્રયાસ કરવામાં આવ્યા છે, જેથી તેઓ આત્મનિર્ભર બની શકે.

હતું. તેમણે મહારાજા સુહેલદેવના નામની મેડિકલ કોલેજનું પણ ઉદઘાટન કર્યું હતું.

વડાપ્રધાને મહારાજાને સંવેદનશીલ અને વિકાસલક્ષી શાસક ગણાવ્યા હતા અને જણાવ્યું હતું કે, “મેડિકલ કોલેજની સ્થાપના અને આરોગ્ય સુવિધાઓના વિસ્તરણથી સ્થાનિક લોકોનું જીવન સરળ બનશે. મહારાજા સુહેલદેવ સ્મારકને કારણે આગામી પેઢીઓને પ્રેરણા મળતી રહેશે અને પર્યટનને પણ વિકાસ થશે, જે રાજાને શ્રધ્ધાંજલિ હશે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઇતિહાસ, ધર્મ અને આધ્યાત્મ સંબંધિત સ્મારકો બનાવવા પાછળનો સૌથી મોટો હેતુ પર્યટન વિકસાવવાનો છે.”

વડાપ્રધાને જણાવ્યું કે, “ભારતનો ઈતિહાસ એ નથી જે ભારતને ગુલામ બનાવનારાઓએ લખ્યો હતો, ભારતનો ઈતિહાસ એ છે જે પેઢીઓથી ભારતના સામાન્ય માણસમાં અને લોકગાથાઓમાં રચાયેલો છે.” ■



# આપત્તિઓથી દેશનું રક્ષણ,

## બચાવ કરતી સંસ્થા

**ભારતના રાજ્યોમાં આબોહવા તેમજ સામાજીક-આર્થિક સ્થિતિમાં વિવિધતા હોવાથી પૂર, દુકાળ, વાવાઝોડું, સુનામી, ભૂકંપ, શહેરોમાં પૂર, ભુસ્ખલન, હિમપ્રપાત અને જંગલમાં આગ લાગવા જેવી ઘટનાઓ સામાન્ય છે. આ પ્રકારની કુદરતી આપત્તિઓમાં ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની સર્વોચ્ચ સંસ્થા રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર (NDMA) લોકોના જીવ બચાવે છે. આ સંસ્થાએ માત્ર વળતર અને રાહત સામગ્રી વિતરણમાંથી બહાર આવીને પડકારના સમયમાં પ્રશંસનીય કામગીરી કરી છે.**

આપત્તિઓ સામે ઝીંક ઝીલી શકે તેવા સલામત ભારતના નિર્માણના હેતુથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) સક્રિય રીતે કામ કરી રહી છે. કુદરતી આપત્તિઓ હોય કે માનવસર્જિત કે પછી કોરાના મહામારી, એનડીએમએ હંમેશા અગ્રીમ મોરચે રહી છે.

આપત્તિ વ્યવસ્થાપન માટેની સર્વોચ્ચ સંસ્થા તરીકે NDMAએ આપત્તિ સમયે અસરકારક પ્રતિસાદ આપી શકાય તે માટે નીતિઓ, યોજનાઓ અને માર્ગદર્શિકા નક્કી કરી છે. આપત્તિ અટકાવવી, તેની અસર હળવી કરવી, સજ્જતા રાખવી અને પ્રતિસાદ આપવો એ ચાર બાબતો પર સંસ્થા ફોકસ કરે છે. સરકાર તેની તમામ એજન્સીઓ, બિનસરકારી સંગઠનો અને લોકોની ભાગીદારી દ્વારા સામૂહિક પ્રયાસો દ્વારા કુદરતી અને માનવસર્જિત દુર્ઘટનાઓથી થતાં નુકસાન અને વિનાશને ઓછાં કરવાના રાષ્ટ્રીય નિર્ધારને પ્રોત્સાહન આપવા માટે કામ કરી રહી છે. સલામત,

# આપત્તિઓ પ્રત્યે ભારત કેટલું સંવેદનશીલ છે?



દેશમાં 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 27 રાજ્યો તેમની ભૌગોલિક સ્થિતિને કારણે કુદરતી આપત્તિઓનો ભોગ બને છે. દેશની જમીનના 58.6 ટકા હિસ્સા પર મધ્યમથી લઇને અતિ તીવ્રતા ધરાવતા ભૂકંપનું જોખમ છે. 12 ટકા હિસ્સો પૂર અને નદી ધોવાણનું જોખમ ધરાવે છે, 5700 કિમી દરિયાઇ કાંઠો વાવાઝોડાં અને સુનામી માટે જોખમી છે, પર્વતીય વિસ્તારો ભૂસ્ખલન અને હિમપ્રપાત માટે જોખમી છે. શહેરોમાં પૂર, આગના બનાવો, ઔદ્યોગિક અકસ્માતો અને અન્ય માનવસર્જિત દુર્ઘટનાઓને પગલે રાસાયણિક, જૈવિક અને કિરણોત્સર્ગી પદાર્થો વધારાનું જોખમ સર્જે છે. અનિયંત્રિત શહેરીકરણ, ઉચ્ચ જોખમ ધરાવતા વિસ્તારોમાં વિકાસ અને અન્ય પરિબળોને કારણે અતિ સંવેદનશીલ સ્થિતિ સર્જાતા આપત્તિ જોખમોને વધુ જટિલ બનાવી દીધાં છે.

## NDMA અને કોરોના વાઇરસ



એનડીએમએ એક્ટની મદદથી ભારત કોરોના વાઇરસ મહામારી સામે આટલી મોટી લડાઈ લડી શક્યું છે. એનડીએમની ભલામણથી જ સરકારે 24 માર્ચનાં રોજ નેશનલ લોકડાઉન પહેલાં સૌ પ્રથમવાર વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ લાગુ પાડ્યો હતો. આ કાયદાએ લાખો લોકોનાં જીવ બચાવવામાં મદદ કરી અને દેશની મોટી કટોકટીમાંથી બચાવવાનો આધાર બન્યો. એક અંદાજ પ્રમાણે લોકડાઉન લાદવાના નિર્ણયને કારણે 14થી 29 લાખ કેસો અને 37-38 હજાર મૃત્યુ અટકાવવામાં મદદ મળી છે.

## આપદા મિત્ર: મુશ્કેલીમાં મિત્ર




આપત્તિના સમયમાં સમુદાયનું મહત્વ સમજીને સરકારે 2015માં 'આપદા મિત્ર' સ્કીમ શરૂ કરી હતી. આ સ્કીમ પ્રારંભિક સ્વરૂપમાં હતી, જેનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે જેથી સ્વયંસેવકો આપત્તિ પ્રતિસાદમાં અને જોખમ ઘટાડવામાં મિત્ર સાબિત થઈ શકે. ઓડિશામાં 2019માં આવેલા 'ફણી' ચક્રવાત માટેની તૈયારીમાં તેના સ્વયંસેવકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી, 20 ઓગસ્ટ, 2020નાં રોજ ઉત્તરપ્રદેશના ગોરખપુર જીલ્લામાં હોડી દુર્ઘટનામાં 135 લોકોના જીવ બચાવ્યા હતા અને 2018-19માં ઉત્તરાખંડના હરિદ્વારમાં કાવડ યાત્રા દરમિયાન 125 લોકોને ગંગા નદીમાં ડૂબતા બચાવ્યા હતા. આ કાર્યમાં સ્વયંસેવકો તરીકે જોડાયેલી મહિલાઓ અને છોકરીઓને 'આપદા સખી' કહેવાય છે.

દુર્ઘટનાઓ સામે ટકી શકે તેવા દેશના નિર્માણ માટે અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી વ્યૂહ તૈયાર કરવામાં આવે છે.

**આપત્તિઓ પ્રત્યેનો અભિગમ આટલાં વર્ષોમાં કઈ રીતે બદલાયો**

ભારતમાં આપત્તિ વ્યવસ્થાપનને કૃષિ વિભાગનું કામ ગણવામાં આવતું હતું, કારણ કે એ વખતે આપત્તિનો અર્થ થતો હતો પૂર અને દુકાળ. 2001માં ગુજરાતમાં ભયાનક ભૂકંપ આવ્યો. સરકાર આ કુદરતી આપત્તિ માટે સજ્જ નહોતી. લોકોને લાગ્યું કે ભુજને બેઠું કરવામાં વર્ષો નીકળી જશે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શાસન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને કારણે આપત્તિ વ્યવસ્થાપનની સ્થિતિમાં સુધારો થયો. 2003માં ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની રચના કરવામાં આવી. આ એક્ટ અંતર્ગત દેશમાં પ્રથમ વાર આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી કૃષિ વિભાગમાંથી કાઢીને ગૃહ વિભાગને સોંપવામાં આવી. કેન્દ્ર




એપ્રિલ 2015માં નેપાળમાં ભૂકંપ આવ્યો ત્યારે પણ NDMAએ ભારતમાંથી રાહત અને બચાવ કામગીરીનું સંકલન કર્યું હતું. તેણે ટેકનિકલ સલાહ પૂરી પાડવા અને ઘટનાનું નીરિક્ષણ કરવા નિષ્ણાંતોની ટૂકડી એકત્ર કરી હતી.

સરકાર માટે આ એક્ટ બ્લુપ્રિન્ટ સમાન પુરવાર થયો અને 2005માં કેન્દ્રએ સમગ્ર દેશ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ઘડ્યો. એનડીએમએનું વડપણ વડાપ્રધાન સંભાળે છે, જ્યારે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું વડપણ જે તે રાજ્યના મુખ્યમંત્રી સંભાળે છે. આ ઓથોરિટી ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન પ્રત્યે સર્વગ્રાહી અને સુગ્રથિત અભિગમ સાથે કામ કરે છે.

2014માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા. આપત્તિ વ્યવસ્થાપનમાં તેમના વિઝનને પગલે એનડીએમએને મજબૂત કરવા અનેક પહેલ કરવામાં આવી. તાલીમ અને જાગૃતિ ફેલાવવાની સાથે સાથે વર્ષ 2015માં નેશનલ ડિઝાસ્ટર હેલ્પલાઇન 1078 પણ શરૂ કરવામાં આવી.

સ્થાપના થઈ તે પછી 2015 સુધી NDMAએ ડિઝાસ્ટર મેનેજમેન્ટની વિવિધ થીમ પર 18 નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ગાઇડલાઇન્સ તૈયાર કરી છે, જેમાંથી પાંચ ગાઇડલાઇન્સ તો 2014-15માં જ જારી કરવામાં આવી હતી.

1 જૂન, 2016નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન (NDMP) જાહેર કર્યો હતો. ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે ભારતમાં તૈયાર થયેલો આ પ્રથમ નેશનલ પ્લાન હતો. કુદરતી આપત્તિઓનું જોખમ ઘટાડવા 2015માં જાપાનના સેન્ડાઇમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય નીતિ તૈયાર કરવામાં આવી હતી, જેમાં ભારત પણ ભાગીદાર છે. આ નીતિ પ્રમાણે તૈયાર થયેલો આ પ્રથમ નેશનલ પ્લાન હતો. 2030 સુધીની આ યોજનામાં 2019માં ફેરફાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 10 સૂત્રીય એજન્ડાને સામેલ કરવામાં આવ્યો હતો.

2019માં NDMAએ 'નેશનલ ગાઇડલાઇન્સ ઓન ડિસેબિલિટી ઇન્ક્લુઝિવ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન' જારી કરી હતી. આ સાથે આ પ્રકારની ગાઇડલાઇન્સ બહાર પાડનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો. ■

# ઉત્તરાખંડના ચમોલીમાં હિમપ્રપાત
## સ્થિતિ પર ચાંપતી નજર



7 ફેબ્રુઆરીનાં રોજ સવારે 10 વાગે ઉત્તરાખંડના ચમોલી જીલ્લાંમાં અલકનંદા નદીની પ્રશાખા ઋષિ ગંગાના ઉપરના વિસ્તારોમાં હિમપ્રપાતની ઘટના બની, જેન કારણે ઋષિ ગંગા નદીમાં પાણીનું સ્તર અચાનક વધી ગયું. ઘટના બની ત્યારથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યાં છે.

7 ફેબ્રુઆરીનો સેટેલાઇટ ડેટા સૂચવે છે કે ઋષિ ગંગા નદીનું પાણી જ્યાંથી આવે છે તે ક્ષેત્રમાં દરિયાઈ સપાટીથી 5600 મીટર ઉપર આવેલા ગ્લેશિયરના અંતિમ ભાગમાં હિમપ્રપાત થયો, જે લગભગ 14 ચોરસ કિમી વિસ્તાર હતો. આને કારણે ઋષિ ગંગા નદીમાં અચાનક પૂર આવ્યું અને રસ્તામાં આવેલી તમામ ચીજોને વહાવતી લઈ ગઈ. 13.2 મેગાવોટનો ઋષિ ગંગા હાઇડ્રો પ્રોજેક્ટ પણ તેમાં ધોવાઇ ગયો. અચાનક આવેલા પૂરને કારણે ધૌલી ગંગા નદી પર તપોવન ખાતે નિર્માણાધીન 520 મેગાવોટ એનટીપીસી હાઇડ્રો પાવર પ્રોજેક્ટને પણ અસર પડી. અંદર ફસાયેલા લોકોને બચાવવા માટે એક સાથે અનેક એજન્સીઓએ બચાવ કામગીરી શરૂ કરી દીધી. કેન્દ્ર સરકારે સંબંધિત એજન્સીઓને એકબીજાના સંકલનમાં કામ કરવા નિર્દેશ આપ્યો અને રાજ્ય વહીવટીતંત્રને પૂરતી તમામ મદદ કરી. 24 ફેબ્રુઆરી સુધીમાં 70 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા અને 205 લોકો ગુમ હોવાના સમાચાર હતા. હજુ પણ બચાવ કામગીરી ચાલુ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાજ્ય સરકારને રાહત અને બચાવ કાર્ય માટે તમામ શક્ય મદદ કરવાની ખાતરી આપી હતી. ■

### કેન્દ્ર સરકારે લીધેલાં પગલાં

- ચોવીસે કલાક સ્થિતિ પર દેખરેખ રાખવામાં આવી રહી છે. વડાપ્રધાન પોતે તેનાં પર નજર રાખી રહ્યા છે
- ઊર્જા અને અક્ષય ઊર્જા વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) રાજકુમાર સિંહે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી તેમજ બચાવ અને રાહત કામગીરીનું નીરિક્ષણ કર્યું હતું
- આઇટીબીપીએ કન્ટ્રોલ રૂમ સ્થાપ્યો છે અને તમામ જરૂરી સાધનો સાથે 450 કર્મચારીઓ બચાવ અને રાહત કામગીરીમાં જોડાયેલા છે
- બચાવ અને રાહત કામગીરીમાં એનડીઆરએફની પાંચ ટીમ જોડાઈ હતી
- ભારતીય લશ્કરની આઠ ટીમો રાહત કામમાં જોડાઇ હતી, જેમાં એક એન્જિનિયર ટાસ્ક ફોર્સ ( ETF)નો સમાવેશ થાય છે. એક મેડિકલ કોલમ અને બે એમ્બ્યુલન્સ પણ ખડકવામાં આવી હતી. ભારતીય નૌકાદળની એક ડાઈવિંગ ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.
- રાહત કામગીરીમાં ભારતીય હવાઇ દળના પાંચ હેલિકોપ્ટરો સંકળાયા હતા. જોષીમઠ ખાતે કન્ટ્રોલ રૂમ સ્થાપવામાં આવ્યો હતો. સહસ્ત્ર સીમા બલ (SSB) અને સ્નો એન્ડ એવાલાન્ચ સ્ટડી એસ્ટાબ્લિશમેન્ટ (SASE) /DRDOની એક-એક ટીમ ઘટનાસ્થળે હતી.

# મોનપા હેન્ડમેન્ડ પેપર

## 1000 વર્ષ જૂનો કલા વારસો પુનર્જીવિત

**અરૂણાચલ પ્રદેશના તવાંગ જીલ્લામાં મોનપા હેન્ડમેન્ટ પેપર અથવા 'મોન શુગુ' બનાવવાની કળા લુપ્ત થવાને આરે હતી. પોતાના રેડિયો પ્રોગ્રામ 'મન કી બાત'માં વડાપ્રધાને તેનો ઉલ્લેખ કરતા 1000 વર્ષ જૂની આ વારસાગત કળાને નવજીવન મળ્યું છે.**

અરૂણાચલ પ્રદેશનો તવાંગ જિલ્લો તેની કુદરતી સુંદરતા અને સૂર્યોદયનાં પ્રથમ કિરણ માટે જાણીતો છે. પણ તવાંગની બીજી એક ખાસિયત છે અને તે છે મોન શુગુ કાગળ. અરૂણાચલ પ્રદેશમાં મોનપા જાતિ વસે છે. આ જાતિ મોનપા (મોન શુગુ) હસ્તનિર્મિત કાગળ બનાવવામાં કુશળ છે. આ એક પ્રાચીન કળા છે, જેમાં શુગુ શેંગ ઝાડની છાલમાંથી કાગળ બનાવવામાં આવે છે. આમાં ઝાડ કાપવાની જરૂર નથી પડતી. એક સમયે તવાંગના ઘર-ઘરમાં આ કાગળ બનાવવામાં આવતો હતો, પણ છેલ્લાં 100 વર્ષથી આ કળા ક્રમશઃ લુપ્ત થઈ રહી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનાં 'મન કી બાત' કાર્યક્રમમાં આ કળાનો ઉલ્લેખ કર્યો ત્યારે મોનપા હસ્તનિર્મિત કાગળ ફરી એક વાર ચર્ચામાં આવ્યો. વડાપ્રધાને તેનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, "સ્થાનિકો શુગુ શેંગ નામના ઝાડની છાલમાંથી આ કાગળ બનાવે છે, તેથી આ કાગળ બનાવવા માટે ઝાડ કાપવાની જરૂર નથી પડતી. વળી, આ કાગળ બનાવવામાં કેમિકલનો ઉપયોગ ન થતો હોવાથી પર્યાવરણ અને આરોગ્ય માટે પણ સલામત છે."

### મોનપા અંગે કેટલીક હકીકતો

- મોનપા કાગળ બનાવવાની કળા 1,000 વર્ષ પહેલાં શોધાઈ હતી
- આ કાગળ વજનમાં હલકો છે પણ નેચરલ ફાઇબર હોવાથી બહુ મજબૂત હોય છે અને જલ્દી ફાટતો નથી. આને કારણે વિવિધ આર્ટ વર્ક માટે ખૂબ કામનો છે.
- આ કાગળ પરનાં લખાણ સાથે ચેડાં થઈ શકતા નથી
- આ કાગળનો ઉપયોગ બૌધ્ધ ધર્મની પ્રાર્થનાઓ અને ગ્રંથો લખવા તથા પ્રાર્થના ધ્વજ બનાવવા માટે કરવામાં આવતો હતો
- આ કાગળની નિકાસ એક સમયે તિબેટ, ભુટાન, મ્યાંમાર અને જાપાન જેવા દેશોમાં થતી હતી, પણ નવી ટેકનોલોજી વિકસવાથી આ કળા છેલ્લાં 100 વર્ષમાં લુપ્ત થઈ ગઈ.



### KVIC દ્વારા મોનપાનું ઓનલાઇન વેચાણ

વડાપ્રધાનના ઉલ્લેખ બાદ મોનપા હસ્તનિર્મિત કાગળની માગ ઝડપથી વધી રહી છે. ખાદી એન્ડ વિલેજ ઇન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC) તેના ઇ-પોર્ટલ www.khadiindia.gov.in પરથી મોનપા હેન્ડમેન્ડ પેપરનું વેચાણ કરી રહી છે. લોંચના પ્રથમ દિવસે જ મોનપા કાગળની 100થી વધુ શીટ વેચાઈ ગઈ હતી. આ કાગળની એક શીટની કિંમત રૂ.50 છે. મોનપા પેપર પર્યાવરણનાં રક્ષણમાં મદદ કરે છે એટલું જ નહીં, સ્થાનિક કલાકારો માટે આવકનાં નવા સ્રોત પણ ખોલ્યા છે. ■



**Narendra Modi** @narendramodi
A special day in our journey to become Aatmanirbhar in the defence sector. Arjun Main Battle Tank (MK-1A) was handed over to the Army. A tank made in Tamil Nadu will protect our borders. This is a glimpse of Bharat's Ekta Darshan.



**Rajnath Singh** @rajnathsingh
India's EAM, @DrSJaishankar in his insightful article published in @Newsweek has reimagined Diplomacy in the post COVID world.

He writes that the next world order would be more multi-polar, pluralistic and rebalanced. And India will help make a difference. Do read



**Amit Shah** @AmitShah
पहले J&K में योग्यता नहीं चिट्ठियों के आधार पर नौकरी बांटी जाती थी लेकिन हमने नौकरियों को सेवा चयन बोर्ड द्वारा ही देने का निर्णय लिया व 2022 से पहले 25,000 युवाओं को सरकारी नौकरी देंगे।

Back to Village कार्यक्रम के तहत लगभग 13,000 छोटी इकाइयों के मामलों को ऋण भी दिया गया है।



**Nitin Gadkari** @nitin_gadkari ·
In continuation to our effort to reduce costs through innovation, all steel whether produced from ore, billets, pellets or melting of scrap would be allowed to be used for NH construction as long as it meets the standards required for specific grades of steel.



**Dr. S. Jaishankar** @DrSJaish...
•Strong cooperation with Japan has made a difference to India, specifically to the development of Assam.

•Act East must begin by giving the necessary attention and resources to our own States in the East and North-East.



**Dr Jitendra Singh** @DrJiten...
#NewNortheast

> **MIB India #StayHo...**
> NE Region has received adequate funds from the Centre to fight the #COVID19Pandemic effectively: Union Minister @DrJitendraSingh.

# Modi breaks down in RS as he bids adieu to Ghulam Nabi Azad

V-P Venkaiah Naidu describes Azad as a voice of sanity in public life

OUR BUREAU
New Delhi, February 9

Prime Minister Narendra Modi teared up, choking while he bade farewell to the Leader of Opposition in the Rajya Sabha Ghulam Nabi Azad on Tuesday.

Azad's term comes to an end on February 15 along with three other MPs from Jammu and Kashmir ...

... Pranab Mukherjee's efforts when people from Gujarat were stuck in Kashmir in the terror attack. That night, Ghulam Nabiji called me," recounted the PM, choking, drinking water. "He sounded concerned like people are concerned for their family. This is the kind of feeling he ...



# Put nation first, go vocal for local, PM tells party

Akhilesh.Singh@timesgroup.com

New Delhi: Asserting his pride at having "nation first" at the core of BJP ideology, Prime Minister Narendra Modi on Thursday urged party cadres including lawmakers to adopt the principle of "vocal for local" in letter and spirit, which, he said will be a great push to make the country "self reliant" thereby fulfilling one of the ambition and vision of party ideologue ...



PM Narendra Modi addresses BJP workers on the occasion of 53rd death anniversary of Deen Dayal Upadhyay in Delhi on Thursday

... party president (J P Nadda), party workers should approach the voters with positivity. People have seen our polices, intentions in the past six years and have rewarded us. We have to move forward with this very confidence. We shall succeed once again," the PM ... the party gears up for the forthcoming assembly polls in five states including West Bengal, Tamil Nadu, Kerala, Assam and Puducherry.

Addressing party lawmakers on the occasion of "Samarpan Diwas" to mark the death anniversary of Deen Dayal Upadhyay, the PM said, "Make a list of how many India made products you use from morning till evening and how many are manufactured internationally. You will be shocked."

"We must get rid of such things. We must take responsibility to ensure that the local products made with the sweat and hard work of our workers are used by us," the PM said and added, "It doesn't mean that you start discarding your belongings... but more than 80% of our consumer products we use are not made in India."

# India, Afghanistan in pact to build 2nd dam in Kabul

Modi, Ghani discuss development, terror, and bilateral ties at virtual meet



"NO EXTERNAL POWER CAN STOP THE DEVELOPMENT OF AFGHANISTAN, OR THE INDIA-AFGHANISTAN FRIENDSHIP"

# Vaccination in city hits new high with 12k jabs

Anonna Dutt

NEW DELHI: For the first time in the national capital, over 12,000 people were vaccinated against the coronavirus disease (Covid-19) in a single day on Tuesday. A total of 12,717 health-care and front-line workers received the shot across 183 vaccination sites in Delhi.

This is an increase of 2,977 beneficiaries over Monday's 9,740 – the highest number of people to be inoculated in a single day so far.

The uptick in numbers was largely owing to a special drive conducted to vaccinate police personnel – some of the vaccination sites were exclusively kept aside to cater to them. At one such site at Lok Nayak Hospital, 57 of the 100 people who had been called in, received the shot. "Today, we started vaccinating front-line workers at our hospital. Of the 100 people who were called in, 57 turned up. Currently, we do not allow front-line workers to walk in out of turn," said one of the senior doctors at the hospital.

Health-care workers can walk in at any vaccination site and get the shot even if their ...



A health worker receives a Covishield vaccine jab at ... Super Speciality Hospital.

... last week.

However, Tuesday's vaccine coverage rate – proportion of people who received the shot among those targeted – was just 69.1%, which, in comparison to previous vaccination days, is not all that remarkable. There were several days in the past when the city had seen a coverage rate of over 90%.

Two districts – north and north-east – saw over 100% coverage, with north-east registering 150%. "That was because of more front-line workers getting ...

# Govt, Parliament have respect for farmers: PM in Lok Sabha

NEW DELHI, FEBRUARY 10

Speaking in the Lok Sabha during the motion of thanks on President's Address, PM Narendra Modi on Wednesday reached out to agitating farmers, saying the government and Parliament had great respect for them, which was why topmost ministers had been talking to them.

Once again accusing "andolanjeevis" of exploiting the "pavitra andolan" of the farmers, he urged the protesters to come forward for a dialogue. Amid disruptions by Opposition MPs, PM Modi defended the farm laws ...

MANDIS, MSP TO STAY



PM MODI IN LOK SABHA

... ing these were enacted to meet new challenges in the agriculture sector. He allayed fears, saying neither any "mandi" had been shut down nor had the MSP been discontinued, rather the MSP had been hiked.

'RAIL ROKO' ON FEB 18: UNIONS

"No one asked for laws against dowry, triple talaq.... but these laws were enacted because they were progress...

RNI No. :
DELGUJ/2020/78810
March: 1-15, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-28 advance Fortnightly (Publishing Date February 18, 2021, Pages - 44)



# નાટ્યાંજલિ

(11 માર્ચ [મહા શિવરાત્રી] થી 15 માર્ચ)

તામિલનાડુના ચિદમ્બરમમાં દર વર્ષે મહાશિવરાત્રિથી પાંચ દિવસ દરમિયાન નાટ્યાંજલિ નૃત્ય ઉત્સવ યોજાય છે. 1,000 વર્ષ જૂના ચિદમ્બરમ નટરાજ મંદિરમાં આયોજિત આ ઉત્સવ નૃત્યના દેવતા ભગવાન નટરાજને સમર્પિત છે. આ ઉત્સવ ભારતની ભવ્ય નૃત્ય સંસ્કૃતિને પ્રદર્શિત કરે છે. તેમાં દેશ-દુનિયાના નર્તક આવીને ભરત નાટ્યમ, કુચુપુડી, મોહિનીઅટ્ટમ, કથ્થક, ઓડિસી અ ગૌડીય નૃત્ય અને પુંગ ચોલમ જેવા તમામ શાસ્ત્રીય નૃત્ય નાટિકા દ્વારા પોતાની કળા પ્રદર્શિત કરે છે.

Gujarati

Editor: Jaideep Bhatnagar, Principal Director General, PIB, New Delhi

Published & Printed by: Satyendra Prakash, Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Viba Press Pvt Ltd. C66/3, Okhla Ind Area Phase-II, New Delhi 20